

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



(1958) સમેતશિખર તીર્થનું મુખ્ય જિનાલય

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૫
અંક ૧-૨

કા૦-આ૦
સં. ૨૦૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષયાનુક્રમ


| | | |
|---|---|---|
| ૧ નવીન વર્ષારંભે પ્રભુસ્તુતિ | | ૧ |
| ૨ ગુરુસ્તુતિ | | ૧ |
| ૩ નૂતન વર્ષના પ્રવેશ પ્રસંગે | | ૨ |
| ૪ ગુણ અને દોષ | (શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર') | ૬ |
| ૫ સ્વાશ્રયી બનો : ૬ | (અનુ૦ શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ) | ૯ |
| ૬ જ્ઞાન-આરાધન પર્વ | (શ્રી મોહનલાલ દી. ચોકસી) | ૧૨ |
| ૭ સત્તરભેદી પૂજા-સાર્થ | (પં. શ્રી રામવિજયજી ગણિ) | ૧૪ |
| ૮ ધર્મકૌશલ્ય : | (સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા) | ૧૭ |
| ૯ ન્યાયાચાર્ય અને રાજનગર | (શ્રી હીરાલાલ ર. કાપડિયા) | ૨૦ |
| ૧૦ આબૂ તીર્થ | (મુનિરાજશ્રી દર્શનવિજયજી ત્રિપુટી) | ૨૩ |
| ૧૧ યુગચેતનાની ઝાલરી | (શ્રી મોહનલાલ ચુ. ધામી) | ૨૫ |
| ૧૨ શ્રી વિહરમાન નમિ જિન સ્તવન-સાર્થ | (ડો. વલ્લભદાસ નેણશીભાઈ) | ૨૮ |
| ૧૩ તીર્થંકર પરમાત્માના ચોત્રીશ અતિશયો. | (પં. શ્રી સુશીલવિજયજી ગણિવર્ય) | ૩૦ |


## યુગવીરાચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિજીની પટ્ટમૂર્તિ પ્રતિષ્ઠા અંગે ઉજવાયેલ મહોત્સવ

ભારતદિવાકર, પંજાબકેશરી, મરૂધરદેશોદ્ધારક જૈનાચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે જૈન સંઘ ઉપર અસંખ્ય ઉપકારો કર્યાં છે. તેઓશ્રી મુંબઇમાં બુધવાર, તા. ૨૨ સપ્ટેમ્બર ૧૯૫૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા ત્યારે ભાયખાલા મોતીશા જૈન મંદિરના કમ્પાઉંડમાં અગ્નિદાહ કરી જનસમૂહે ભવ્ય અંજલી અર્પી. ભાયખાલા એ રીતે જૈનોના એક મહાન પુણ્યધામ સમાન તીર્થસ્થળ બની રહેલ છે. શ્રીસંઘ અને શ્રી વિજયવલ્લભ સેવાસમિતિના ઉત્સાહી કર્ણધારો શ્રી રતનચંદ દાલીઆ, શ્રી રમણલાલ-ભાઈ, દિલ્હીવાળા શ્રી હજારીમલજી, શ્રી જેસંગલાલ લલ્લુભાઇ ઝવેરી, શ્રી અમીલાલભાઇ અને શ્રી ફુલચંદ શામજી આદિના સતત પ્રયાસ અને પરિશ્રમથી આ સમાધિમંદિર આશરે રૂપીઆ પોણા લાખના ખર્ચે નિર્માણ થયેલ છે, જેમાં સ્વ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સા.ની પટ્ટમૂર્તિની પ્રતિષ્ઠા માગશર શુ. ૧૦ ને રવિવાર, તા ૧ ૧૨-૫૭ના દિવસે સવારના સ્ટા. ટા. ૯ ૧૦ મિનીટે પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયપૂર્ણાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીના શુભ હસ્તે કરવામાં આવી હતી. રાધનપુરનિવાસી શ્રેષ્ઠી શેઠ સકરચંદ મોતીલાલ મૂલજીના ધર્મપત્ની અ. સૌ. સુભદ્રાબ્હેને પૂજ્ય ગુરુદેવની પ્રતિષ્ઠા રૂ. ૫૦૦૧)ની રકમ અર્પણ કરી હતી. દેરી ઉપર ઇંડું મૂકવાનું ઘી શ્રી રતનલાલજી હોશીયારપૂરવાલાએ રૂ. ૫૦૧) બોલી લહાવો લીધો. પ્રભાવના શેઠ તેકચંદ પ્રતાપચંદવાલા શ્રી ભાણાભાઇ તરફથી મિષ્ટાન્ન લાડુની કરવા-માં આવી. શાંતિસ્નાત્ર શ્રી ભાયખાલા સંઘ તરફથી થયું. આ નિમિત્તે માગસર શુદ ૩ ને રવિવારથી શુદ ૧૦-રવિવાર પર્યન્ત વિવિધ ગૃહસ્થો તરફથી આઠ દિવસ પર્યન્ત પ્રભુ અને ગુરુભક્તિયુક્ત સુંદર કાર્યક્રમ યોજાયેલ. પંજાબ, મારવાડ. મેવાડ, સોરાષ્ટ્ર, બંગાલ આદિ વિભાગોના હજારો નરનારીઓ તથા મુનિગણે ઉપસ્થિત થઇ ગુરુભક્તિની અનુપમ સાક્ષી પૂરી હતી પંજાબથી લાલા ઘનસ્યામજીએ સંગીતની લ્હાણુ પિરસી. મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ તેમજ મુબઇની આગેવાન વ્યક્તિઓએ સુંદર કામગીરી બજાવી હતી. આ પ્રસંગ ઉજવવા બદલ આ.શ્રી વિજયકમંગસૂરિજી તથા પૂ. આ.શ્રી વિજયસમુદ્રસૂરિજી-ના પ્રેરણા પણ પ્રશસ્ય હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૫ મું ] સં. ૨૦૧૪ કાર્તક-માગશર [ અંક ૧-૨

## નવિન વર્ષારંભે પ્રભુસ્તુતિ

( સ્રગ્ધરા )

वेदैः साङ्गैः पुराणैः स्मृतिगतवचनैः कापिलैर्धर्मबोधै-
र्मार्गैः पातञ्जलीयैर्विविधमतधरैः संप्रदायैरनेकैः ।
यन्नाप्तं भारतीयैस्तदिह भगवता बोधितं येन तत्त्वं,
स्याद्वादाद्वर्धमानः स भवतु जयदः शान्तिदश्चात्र वर्षे ॥

આ ભારતવર્ષની પ્રજા છ અંગવાળા વેદોથી, પુરાણોથી, સ્મૃતિઓના વચનોથી, કપિલાચાર્યના સાંખ્યધર્મના બોધથી, પતંજલિના યોગમાર્ગથી અને બીજા વિવિધ મતવાળા અનેક સંપ્રદાયોથી પણ જે તત્ત્વને સમજી શકી નથી તે તત્ત્વ જેમણે સ્યાદ્વાદમાર્ગથી તે પ્રજાને સમજાવ્યું છે તે શ્રી **વીર પરમાત્મા** આ નવીન વર્ષમાં જય તથા શાંતિ આપનાર થાઓ.

卐

## ગુરુસ્તુતિ


( શિખરિણી )

यदीयप्राकटयात् सुफलति च संघः सुरतरु-
र्जयश्रीर्जैनानां विलसतितमां धर्मसुगता ।
चतुर्थारानन्दः प्रसरति सदा भारततले
नमस्तस्मै नित्यं विजयिविजयानन्दगुरवे ॥

જેમના પ્રકટ થવાથી અત્યારે આ ભારતવર્ષ ઉપર સંઘરૂપી કલ્પવૃક્ષ ફળી રહેલું છે, જૈનોની ધર્મ સંબંધી જયલક્ષ્મી વિલાસ કરી રહી છે અને સદાકાળ ચોથો આરો પ્રવર્તી રહ્યો છે તેવા વિજયવંત શ્રી **વિજયાનન્દસૂરિ** ગુરુને નમસ્કાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૂતન વર્ષના પ્રવેશ પ્રસંગે

**जे एगं जाणइ से सव्वं जाणइ।**

**શ્રી આચારાંગ**

જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું.

જીવનસિદ્ધિનો પરમ માર્ગ બતાવતા આપણને સૂત્રકાર કહે છે કે દુનિયામાં જો કંઈ પણ જાણવાનું હોય, તો તે આત્મજ્ઞાન છે, જે પોતાના આત્માને જાણે છે, જેને સાચું આત્મજ્ઞાન પ્રગટે છે, તે પોતાનું જીવન સફળ બનાવે છે અને બીજાને પણ જીવન-સિદ્ધિના માર્ગે વાળે છે. એટલે જ્યાં લગી આત્મ-જ્ઞાન પ્રગટે નહિ, જ્યાં લગી આપણે આપણી જાતને ઓળખીએ નહિ, ત્યાં લગી આત્મજ્ઞાનના અભાવે આપણે ગમે તે પ્રવૃત્તિ કરીએ, ગમે તેટલી મોટી શોધો કરીએ, કે ચંદ્રલોકની અદ્‌ભુત સફરો કરીએ, એ સઘળું નકામું છે. બલકે એ સઘળી પ્રવૃત્તિઓ, આપણા-જગતના ઉત્કર્ષ માટે નહિ પણ વિનાશ માટે જ છે,

આધુનિક આંદોલનનો જરા વિચાર કરીએ. આજનું વિજ્ઞાન કૂદકે ને ભૂસકે આગળ વધતું જ રહ્યું છે. એક રાષ્ટ્ર અને બીજા રાષ્ટ્ર વચ્ચે વિજ્ઞાનની જાણે જબ્બર સ્પર્ધા ચાલી રહી હોય તેમ એક એટમ બોમ્બની શોધ કરે છે, તો બીજું રાષ્ટ્ર ચંદ્રલોકની સફર માટે અનોખો જ બોમ્બ બનાવે છે, અને જગતને હેરત પમાડે તેવા વિજ્ઞાનના પ્રયોગો આપણે અવારનવાર સાંભળીએ છીએ-જોઈએ છીએ, પણ તેનું પરિણામ શું ? પોતાની કે માનવ જાતના કલ્યાણની કઇ સિદ્ધિ આપણે તેમાંથી પ્રાપ્ત કરીએ છીએ ? શું અદ્‌ભુત વિકાસ સાધતા વિજ્ઞાને આપણને સુખ-શાન્તિના માર્ગે વાળ્યા છે ? શું તેમાંથી વિશ્વશાંતિનું વાતાવરણ સર્જાયું છે ? આ અને આવા અનેક પ્રશ્નોના જવાબ આપણને નિરાશામાં જ મળશે. આનું કારણ આજના વિજ્ઞાન પાછળ કેવળ જડદષ્ટિ ભરી છે અને જ્યાં જડદષ્ટિ છે ત્યાં સાચું સુખ નથી, સાચું કલ્યાણ નથી, સાચી શાન્તિ નથી. સાચા સુખ માટે તો જડ અને ચેતનનો ભેદ આપણે સમજવો રહ્યો, સાચા કલ્યાણ માટે તો આપણે આપણા આત્માને ઓળખવો રહ્યો. જ્ઞાની પુરુષો કહી ગયા છે તેમ આપણે સમજી લેવું જોઈએ કે :—

જબ જાગ્યો નિજ રૂપકો, તબ જાગ્યો સબ લોક;
નહિ જાગ્યો નિજ રૂપકો, સબ જાગ્યો સો ફોક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માના પ્રકાશની, આત્માની જાગૃતિની, આત્માની ઉન્નતિની વાતો કરતા કરતા આત્માનંદ પ્રકાશ આજે પંચાવનમા વરસમાં પ્રવેશ કરે છે. આ પ્રસંગે આપણે પરમાત્માનું પુણ્ય સ્મરણ કરીએ અને આપણી જાતને ઓળખવામાં આપણે ક્યાં પહોંચ્યા છીએ તેનો વિચાર કરી, આપણી ન્યૂનતાને સમજી, આત્મકલ્યાણના માર્ગે આગળ ધપવામાં વધુ ને વધુ તત્પર થઇએ એ જ મહેચ્છા.

## સભા અંગે કંઇક

આપણી સભાનો વિચાર કરીએ તો તે બાસઠમા વરસમાં પ્રવેશ કરી ચૂકી છે, આટલું લાંબુ આયુષ્ય ભોગવનાર સંસ્થાઓ આપણા સમાજમાં ઘણી અલ્પ છે

સભા લાંબુ આયુષ્ય ભોગવી શકી છે તેમ તેનો ભૂતકાળ પણ એટલો જ ભવ્ય છે. સંસ્કૃત અને ગુજરાતી ઘણું ગોરવવંતું સાહિત્ય સભાએ સમાજના ચરણે ધર્યું છે. અને દેશ-પરદેશમાં તેની ખ્યાતિ પણ એટલી જ વધી છે, પણ આટલી યશસ્વી સેવાની ગુણગાથા ગાઇને સભા પોતાની પ્રવૃત્તિમાં સુષુપ્તતા ભોગવે તે ઇષ્ટ ન ગણાય, સભાનો વર્તમાનકાળ આવી જ કંઇક સુષુપ્ત દશામાં પસાર થઈ રહ્યો હોય તેમ કહી શકાય. છેલ્લા વરસમાં સભા કોઈ સુંદર પ્રકાશન કરી શકી નથી, તેમ કોઇ નોંધપાત્ર સેવા તેના ઇતિહાસમાં નોંધાણી નથી.

હા, સભાને ગૌરવ લેવા જેવું એક કાર્ય ચાલી રહ્યું છે, શ્રી નયચક્રનું, મુનિ મહારાજશ્રી ભુવનવિજયજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ દર્શનશાસ્ત્રના મહાન ગ્રંથ શ્રી નયચક્રસારનું સંપાદન અવિરત શ્રમ લઇને કરી રહ્યા છે તેનો પ્રથમ ભાગ તૈયાર થઇ ગયો છે અને તેની પ્રસ્તાવના યુરોપના સિદ્ધહસ્ત લેખકના હાથે લખાઈ રહેલ છે, એટલે ટૂંક સમયમાં આ ગ્રંથનો એક ભાગ પ્રગટ કરી શકાશે તેમ આશા છે.

સાથેસાથ એ પણ આનંદનો વિષય છે કે આગમપ્રભાકર મુનિ મહારાજશ્રી પુણ્યવિજયજી મહારાજ, જેઓશ્રીનો આ સભા ઉપર પરમ ઉપકાર છે અને નયચક્રના પ્રકાશન માટે જેઓ સતત કાળજી રાખી રહ્યા છે, તેમના શુભ પ્રયાસથી આ ગ્રંથના પ્રકાશનકાર્યમાં આ વરસે દસ હજાર રૂપીયાની વધુ સહાય મળી છે, એટલે આ ગ્રંથ પ્રકાશનની આર્થિક ચિન્તા હવે લગભગ રહેતી નથી.

નયચક્રસારના પ્રકાશનનું કાર્ય હાથ ધર્યાને ઘણો સમય થયો. તેના સંપાદનનું કાર્ય ઘણું કઠણ છે, એ માટે મુનિશ્રી જંબૂવિજયજી મહારાજને ચિની, ટીબેટીયન આદિ ભાષાનો ખાસ અભ્યાસ કરવો પડ્યો છે. તેમજ તેના સંપાદન અંગે દેશ-વિદેશના વિદ્વાનોનો સંપર્ક સાધી ઘણું કીંમતી સાહિત્ય પણ મેળવવું પડ્યું છે. અને આ રીતે આ કાર્ય થોડો વધુ સમય પણ માગી લે છે. એમ છતાં જનતા હવે આ ગ્રંથના પ્રકાશનની રાહ જોઈ રહી છે તેનો વિચાર કરતાં આ ગ્રંથ વહેલી તકે બહાર પાડવો જોઈએ, અને આશા છે કે હવે તો નજીકના ભવિષ્યમાં તે પ્રગટ કરી શકાશે

આ સિવાય સભાના પ્રકાશનનો વિચાર કરીએ તો કોઇ મહત્ત્વનું પ્રકાશન થઇ શકયું નથી. પ્રસિદ્ધ વક્તા, તત્ત્વચિન્તક મુનિમહારાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજની લોકપ્રિય કલમથી તૈયાર થયેલ "સંસ્કાર સંભાર" અને સ્વ. મોતીચંદભાઇની સુપ્રસિદ્ધ લેખમાળા "ધર્મ કૌશલ્ય" આ બે ગ્રંથો આજે તૈયાર થઈ રહ્યા છે. જે ગ્રંથમાળાના સીરીઝના પુષ્પો તરીકે તરતમાં પ્રગટ થશે. જ્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સભાના સ્વ. સેક્રેટરી શ્રીયુત વલ્લભદાસ ત્રિભુવનદાસની સ્મૃતિરૂપે જે એક મોટો ગ્રંથ પ્રગટ કરવાનો છે તે હજુ બની શકયું નથી. તે કાર્ય પહેલી તકે હાથ ધરવાની જરૂર છે.

અને સભા પાસે આજે જે અમૂલ્ય સાધન-સામગ્રી અને વિદ્વાન મુનિવર્યો આદિનો સહકાર છે, તે અપેક્ષાએ સભા હજુ ઘણું કરી શકે તેમ છે. શાસ્ત્રદૃષ્ટિ જાળવીને જનતાની રુચિને ઓળખી, યુગદષ્ટિએ સાહિત્ય પ્રગટ કરતા રહેવાની જેટલી જરૂર છે તેટલી જ જરૂર જૈન-શાસ્ત્ર અને સાહિત્યના અભ્યાસકો સર્જવા માટે જૈન અભ્યાસનું એક કેન્દ્ર પણ આજે તયાર કરવાની છે.

વિશ્વશાન્તિના સર્જન માટે જૈન ધર્મ અનેક રીતે આજ મહત્ત્વનો ભાગ ભજવે તેમ આપણે માનીએ છીએ, વાતો કરીએ છીએ તો હવે એ દિશામાં વધુ સક્રિય બનવાની જરૂર છે. સભાના કાર્યકરો થોડા જ જાગૃત થાય તો આ દિશામાં જરૂર કંઇક કરી શકે.

## આપણું "આત્માનંદ પ્રકાશ"

સભાના પ્રકાશન કાર્યમાં જેમ સંસ્કૃત-ગુજરાતી ગ્રંથો છે તેવી જ રીતે પંચાવન વરસથી પ્રગટ થઇ રહેલ 'આત્માનંદ પ્રકાશ'' પણ તેની નોંધપાત્ર સેવા છે. સામાન્ય રીતે આપણા સમાજમાં બહુ જ ઓછા વર્તમાનપત્રો આટલું લાંબુ આયુષ્ય ભોગવતા હોય છે.

આત્માનંદ પ્રકાશે વિદ્વાન લેખકોના સહકારથી આજ સુધીમાં ઘણું ઉપયોગી સાહિત્ય નિયમિતપણે પીરસ્યું છે. ગયા વરસમાં પણ ગદ્ય-પદ્યના ૧૯-૩૯ લેખો પીરસવામાં આવ્યા છે અને આ સાહિત્યસામગ્રી પૂરી પાડવામાં શ્રી પાદરાકર, શ્રી બાલચંદ હીરાચંદ સાહિત્યચંદ્ર, શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ, મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી, પ્રો. જયન્તીલાલ દવે, મુનિશ્રી દર્શનવિજયજી ત્રિપુટી, પં. શ્રી રામવિજયજી મહારાજ, શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી કા. જ. દોશી, આ. વિજયેન્દ્રસૂરિજી, શ્રી ઇન્દુમતી ગુ. શાહ, શ્રી ખીમચંદ ચાંપશી શાહ, શ્રી રમેશ કે દિવાન, મુનિશ્રી હંસસાગરજી મહારાજ, મુનિશ્રી લક્ષ્મીસાગરજી, શ્રી મોહનલાલ સુ. ધામી, શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ, દેશાઇ વાલજી ગોવિંદજી વગેરેનો સાથ મળ્યો છે તે બદલ એ સૌનાં અમો આભારી છીએ.

માસિકને વધુ લોકપ્રિય બનાવવાના અમારા મનોરથ છે, અને તે ખાતર ખાસ પુરસ્કાર આપીને સારા લેખકોને નોતરવાનો અમોએ નિર્ણય કર્યો છે, અને તે માટે બનતું થઇ રહ્યું છે. એમ છતાં અમારે કબૂલ કરવું જોઇએ કે માસિકના વિકાસના પ્રશ્નને અમો સંતોષકારક રીતે ઉકેલી શકયા નથી. બીજી બાજુ આર્થિક ભીંસના સંયોગોમાં માસિક ચલાવવું એ સભાને મન જરા મુશ્કેલ પ્રશ્ન તો છે જ; એમ છતાં આશાના દોરે દોરે માસિકના વિકાસનું સ્વપ્ન સેવવાનું અમોએ ચાલુ જ રાખ્યું છે.

## થોડુંક સ્થાનિક

શિક્ષણ અને સંસ્કારના એક ઉચ્ચ ધામ તરીકે ભાવનગરનું સ્થાન હમેશા આગળ પડતું રહ્યું છે તેમ ભારતના સમસ્ત જૈન સમાજમાં પણ ભાવનગરનું સ્થાન અનોખું જ છે. ભાવનગરની એકવાકયતા અને વિચારશીલતા પણ એટલી જ નોંધપાત્ર છે.

ભાવનગરનું આ ગૌરવ એ ભૂતકાળનો વિષય ન બની જાય તે માટે ભાવનગરે જાગૃત રહેવું ઘટે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાનિક શિક્ષણનો વિચાર કરીએ તો આપણા ધાર્મિક શિક્ષણને વધુ રસપ્રદ બનાવવા માટે આપણે હજુ ઘણું કરવાનું છે. આ માટે ધાર્મિક કેળવણીના કેન્દ્રસમી એક સંસ્થા સ્થપાણી છે અને તે બનતું કરી રહેલ છે એમ છતાં ધાર્મિક શિક્ષણનું મૂલ્ય હજુ આપણે સમજ્યા નથી. અને સમજ્યા હોઇએ તો તેને સક્રિય ઓપ આપી શકતા નથી. ભાવિ પ્રજાના સંસ્કારનો પાયો ધાર્મિક શિક્ષણ છે તે લક્ષમાં રાખી આપણી પાઠશાળાઓ અને કન્યાશાળાના વિકાસનો દીર્ઘ વિચાર કરવાની ખાસ જરૂર છે.

તેવી જ રીતે આપણા વ્યવહારિક શિક્ષણ–કેન્દ્રોનો પણ વિચાર કરવો ઘટે. માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ માટે આપણે ત્યાં વિદ્યાર્થીભવન અને જૈન બોર્ડીંગ જેવી બે સંસ્થાઓ છે પણ બન્નેના સદ્ધર જીવનનો વિચાર ગંભીરપણે કરવો જરૂરી છે. ભાવનગરમાં કોલેજો વધતી આવે છે તેમ અભ્યાસ માટે બહારગામના અને સ્થાનિક વિદ્યાર્થીઓની સગવડ અગવડનો વિચાર આપણે કરવો જ પડશે, બોર્ડીંગમાં વધુ વિદ્યાર્થીઓને સ્થાન આપી શકાય તે માટે યોગ્ય મકાન અને નિર્વાહનો પ્રશ્ન વિચારવો જ પડશે, અને તેવો જ પ્રશ્ન વિદ્યાર્થીભવન અંગે પણ છે જ.

આ ઉપરાંત સાધારણખાતાનો અને આર્થિક ભીંસથી મુંઝાતા આપણા સ્વામીભાઇઓની સમસ્યા પણ આપણે ઉકેલવી જ પડશે.

આજની પરિસ્થિતિનો વિચાર કરી, સાદાઈથી લગ્નાદિ પ્રસંગો ઉજવવાનું આંદોલન ઉપસ્થિત થતું આવે છે તેને બનતો વેગ આપવાની અને આ પ્રશ્ન વ્યાપક દૃષ્ટિએ વિચારવાની પણ ખાસ અગત્ય છે.

અને આટલી જ અગત્ય છે આધ્યાત્મિક–અભ્યાસની લોકપિપાસા જાગૃત કરવાની. આ માટે એક અભ્યાસક વર્ગ શ્રી જૈન ધર્મ પ્રસારક સભામાં ચાલે છે પણ આટલા માત્રથી આપણી જ્ઞાનપિપાસા પૂર્ણ થવી ન ઘટે. ભાવનગરે જો જૈન સમાજમાં આગળ પડતું સ્થાન મેળવ્યું હોય તો તે તેની જ્ઞાનોપાસનાને આભારી છે. એક સમયે ભાવનગરમાં જ્ઞાન–વૃદ્ધિની સ્પર્ધા ચાલતી, જ્ઞાન–ચર્ચાના કાર્યક્રમો રચાતા અને તેમાં સૌ તરબોળ રહેતા. પરિણામે ભાવનગરે ઘણા વિદ્વાનો–વિચારશીલ પુરુષો સમાજને આપ્યા છે. આજે એ જ્ઞાનપિપાસા લુપ્ત થતી જતી ભાસતી હોય તો તે સજીવ કરવા–જ્ઞાનના દિવડાને સતેજ રાખવા ભાવનગરના શ્રી સંઘે ગંભીરપણે વિચારવું પડશે.

અન્ય જ્ઞાન–ભંડારોની અપેક્ષાએ આપણા સંઘનો જ્ઞાન–ભંડાર અનોખી સાહિત્યસામગ્રીથી ભર્યો છે. બીજે ન મળી તે નયચક્રની સામગ્રી આપણા ભંડારમાં હતી અને આવી ઘણી સામગ્રી તેમાં પડેલ છે. આ ભંડાર એ આપણા વડીલોની જ્ઞાન–ભક્તિનું એક સુંદર પ્રતિક છે. આ ભંડારનું વિસ્તૃત સૂચીપત્ર તૈયાર કરવાની જરૂર છે.

આમ ભાવનગરના ગૌરવને છાજે તેવા અનેક કાર્યો કરવા જેવા છે. તે સિદ્ધ કરવાનું સામર્થ્ય પરમકૃપાળુ પરમાત્મા આપણને આપો અને સૌ કોઇ આત્માનંદના પંથે પડો એ જ મહેચ્છા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગુણ અને દોષ

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

એ વસ્તુ ધ્યાનમાં રાખવી જોઇએ કે સર્વથા ગુણી કે સર્વથા દોષી કોઈ હોતું નથી. કોઇમાં ગુણની માત્રા વધુ પ્રમાણમાં હોય છે ત્યારે તે ગુણવાન ગણાય છે. એનો અર્થ એવો નથી કે એનામાં દોષ જ નથી. પરમાત્મા તીર્થંકર દેવ સિવાય એ વસ્તુ શક્ય નથી. કોઇ મહાન્ પૂજ્ય મુનિ મહાત્મા હોય તો પણ તેમનામાં એકાદ દોષનો અંશ હોવો સંભવિત છે, પણ એવા ક્ષુલ્લક દોષ માટે આપણે એમને દોષી ગણતા નથી. માનવ અનેક યોનિમાંથી ઘડાતો ઘડાતો માનવ થએલો છે અર્થાત્ પશુયોનિનો પણ એને અનુભવ મળેલો હોય છે જ. એ પાશવી ગુણોની અસર એ આત્મા સાથે થયેલી હોવાથી એમાંનો અંશ જો એની સાથે આવી ગયેલો હોય તો એમાં આશ્ચર્ય પામવા જેવું નથી. તેથી એ ગુણોનો પ્રસંગવશાત્ કોઇ સંત-પુરુષમાં આવિર્ભાવ થવો સંભવિત છે. તેમ આપણામાં તો હજુ એ અંશ વધુ પ્રમાણમાં રહેલો હોવો જોઇએ. આપણને તો પૂર્ણ ગુણી થવાની ભાવના હોવી જોઇએ, માટે આપણે એવા સંત મુનિજનોના કે સજ્જનના ક્ષણવાર માટે ઉતરી આવેલા દોષો જોવા નહીં જોઇએ. કારણ આપણને ગુણનો સંગ્રહ કરવાનો છે; દોષનો નહીં. બીજાના દોષ જોવાથી આપણા જે દોષો સુપ્તાવસ્થામાં રહેલા હોય તે ફરી જાગતા થઈ જવાના, અને આપણા દોષો મરી પરવારનારા હતા, તે ફરી જીવતા થવાના. અને પરિણામે આપણા દોષો વધવાના, માટે આપણે જ્યારે બીજાના દોષો જણાય ત્યારે તે દોષો તરફ દુર્લક્ષ કરી, કર્મસત્તાની ગહનતાનો વિચાર કરી તે દોષો તરફ તટસ્થ ભાવનાથી સર્વથા કરુણાની ભાવના કેળવવાની જરૂર છે. અને એ ભાસમાન દોષો તરફ ઉપેક્ષા, ભાવે જોવું જોઇએ. અને સાથે સાથે આપણા પોતામાં રહેલા દોષોના પ્રમાણમાં તો એ દોષો ક્ષુલ્લક છે એ ધ્યાનમાં રાખવું જોઇએ. અને સજ્જન પુરુષો પોતાના દોષો તરતમાં ઓળખી શકે છે અને તે દૂર કરવા માટે પ્રયત્નશીલ હોય છે, તેથી તેઓ પોતાના દોષો દૂર કરી શકશે. ત્યારે આપણી દશા કેવી થવાની ? આપણા દોષોને તો ઊલટું પોષણ મળશે, માટે તેવા દોષો તરફ આપણે તો આંખ બંધ જ કરી લેવી ઘટે.

કોઇ માણસ શક્તિશાલી હોય અને પાચક, પોષક અને સ્નિગ્ધ આહાર એણે કરેલો હોય છતાં એની સામે તીક્ષ્ણ, કટુ, આમ્લ એવો થોડો આહાર મૂકવામાં આવે ત્યારે તેની સામે તે જોવાનું પણ પસંદ નહીં કરે. અગર થોડું ખાઇ જાય તો પણ તે તરત જ વમન કરી નાખે. તેમ કોઇમાં સદ્ગુણો ખૂબ ભરેલા હશે તો દુર્ગુણો સામે તે જોવાનું પણ મન ન કરે. અને કારણવશાત્ એનું સેવન એનાથી થઇ જાય ત્યારે તેને ઘણું દુઃખ થાય, અને પોતાની ભૂલ માટે તે પશ્ચાત્તાપ કરે અને ફરી એવા દોષ ન થાય એ માટે સાવચેતી રાખે. આમ કરવાથી ગુણી માણસ પોતામાં કોઈ દોષ પેસી ન જાય તેની સાવચેતી રાખે અને અનુક્રમે એ સર્વથા નિર્દોષ બનતો જાય એમાં શંકા નથી.

એથી જ અમો કહીએ છીએ કે, આપણે સંપૂર્ણ રીતે ગુણવાન થવાનો પ્રયત્ન કરવો જોઇએ. અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલા માટે જ કોઈના પણ દોષો તરફ બીલકુલ જોવું નહી અને ગુણની જ પ્રશંસા કરવી જોઇએ. કોઇના પણ અલ્પ ગુણ માટે આપણે પ્રશંસા કરવી જોઇએ; કારણ ગુણો એ ગુણીને આશ્રયીને રહેલા હોય છે. ગુણ કાંઇ અદ્ધર હવામાં રહેતા નથી પણ ગુણીની સાથે જ રહે છે, માટે જ ગુણીજનોની સેવા-ભક્તિ અને પ્રશંસા આપણે કરવી જોઇએ. તેથી જ આપણામાં ગુણ આવવાનો સંભવ છે. આપણે કોઈ રાજમહેલ જોવા જઇએ ત્યારે તેની મુખ્ય બેસવાની જગ્યાઓ, ઝરૂખાઓ, અટારીઓ, શયનાગારો, સુશોભિત કરેલા ઓરડાઓ, સંગ્રહાલયો, આરીસાભુવનો વિગેરે પ્રશંસા કરવા લાયક ભાગો જ આપણે જોવાની હોય છે. ખાળો કે એવી જગ્યાઓ આપણે જોવાની હોતી નથી. તેવી જ રીતે આપણે ગુણગ્રાહક અને જ્ઞાનપિપાસુ થઈ ગુણ જ ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. દોષો તરફ આપણે પીઠ ફેરવી જ રાખવી જોઇએ.

એથી પણ આગળ વધી અમે એમ કહેવા માગીએ છીએ કે, ગુણીજનોના ગુણો સ્પષ્ટ બહાર તરી આવેલા હોવાથી આપણે ખુલ્લી આંખે તે જોઈ શકીએ છીએ તેથી તે ગ્રહણ કરવા માટે વધુ સૂક્ષ્મ નિરીક્ષણ કરવાની જરૂર નથી. તે તરત જ સ્પષ્ટ રીતે દૃષ્ટિગોચર થાય છે જ. પણ અત્યંત તુચ્છ, હીન, ગર્હણીય અને જોવી પણ ન ગમે એવી વસ્તુમાંથી પણ અમુક પ્રયોગો કર્યા પછી સારભૂત વસ્તુ ગ્રહણ કરી શકાય છે. પ્રત્યક્ષ અમેધ્ય એટલે વિષ્ટામાંથી પણ ખાતર, ગૅસ વિગેરે ઉપયોગી વસ્તુઓ નિર્માણ કરી શકાય છે. ડામર જેવી વસ્તુઓ પાસેથી પણ જુદા જુદા રંગો પેદા કરી શકાય છે. તુચ્છ એવા ઇયળ જેવા કીટકોથી ચીનાંશુક રેશમ ઉત્પન્ન થાય છે, એ તો એ કીટકોનું તુચ્છ લાળ વિગેરે જેવું અવશેષ છે. પણ તેમાંથી સુંવાળું અને ચળકાટવાળું પવિત્ર ગણાતું રેશમ મળે છે. મતલબ કે હીન અને ગુણ રહિત ગણાતી વસ્તુમાં પણ કાંઇક ગુણ હોય છે જ; માટે જ ગુણગ્રાહકતા આપણે કેળવવી જોઈએ અને દોષ તરફ દુર્લક્ષ કરવું જોઈએ.

ચોર અને ડાકુ ગણાતા માનવો પણ પોતાના અમુક નિયમો પાળે છે જ. પોતાનું કાર્ય ચોરીછુપીથી કરે છે. એટલા ઉપરથી એ ફલિત થાય છે કે, એ કાર્ય કરવું એ પોતે ગર્હણીય તો ગણે છે જ. કેટલાએક ડાકુઓ જગતના અસહ્ય અને અન્યાયી વર્તનમાંથી પેદા થએલા છે. એમની સમજુતી હોય છે કે, જે લોકોએ અન્યાયથી દ્રવ્ય ભેગું કરેલું છે, તેમને લૂંટી તે ગરીબોને વહેંચી આપવું. આમ કરવામાં તેઓ મૂર્ખાઈભરેલું અને અન્યાયનું કામ કરે છે, એમાં બે મત ન હોય, પણ અમો એ બતાવવા માગીએ છીએ કે, એમની કાળી બાજુની કિનારી ઉપર પણ કાંઈક આવું તેજ ચળકતું હોય છે. એટલે સર્વથા દોષભરેલી જ કોઈ વસ્તુ હોતી નથી; દૂષિત વસ્તુમાં પણ ગુણ છુપાઇને રહેલો હોય છે, એ સ્પષ્ટ જણાય છે.

આપણે દરેક મનુષ્યમાં અને દરેક વસ્તુમાં ગુણ શોધવાનો પ્રયત્ન કરીએ તો આપણામાં ગુણની માત્રા વધતી જશે, એમાં શંકા જેવું નથી. મહાભારતની એક કથા છે કે, દુર્યોધનને પૂછવામાં આવ્યું કે, આ સભામાં કોઇ સદ્‌ગુણી માનવ છે કે નહીં. ત્યારે ખૂબ વિચાર કરી દુર્યોધને જવાબ આપ્યો કે, અહીંઆ તો મને એક પણ ગુણવાન માનવ જણાતો નથી. બધાઓ દોષથી ભરેલા માનવો જોવાનાં આવે છે. ત્યાર પછી ધર્મરાજને પૂછવામાં આવ્યું કે, તમારી દૃષ્ટિમાં આ સભામાં કોઈ ગુણી માણસ છે કે નહીં ત્યારે ધર્મરાજે જવાબ આપ્યો કે આ સભામાં મને તો એક પણ માણસ દોષી જણાતો નથી. વાસ્તવિક જોતાં દુર્યોધન અને એના બધા જ બાંધવો નિર્વિવાદ અન્યાયી અને દોષભરેલા હતા, છતાં ધર્મરાજને એમાં દૂષણ જણાયું નહીં. એમાંથી આપણે એટલું જ તારવી શકીએ કે, જે જેવો હતો તેને બધાએ તેવા જ જણાયા. ગુણીને ગુણ જ જણાયા અને દોષીને દોષ જ જણાયા. એમાં ફક્ત દૃષ્ટિનો જ ફેર છે. આપણે જો ગુણનો જ ખપ છે ત્યારે દોષ જોઇ તેનો સંગ્રહ કરવાની આપણને શી જરૂર છે? ગુણનો આપણને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખપ છે ત્યારે ગુણીનું બહુમાન કરવું એ આપણું કર્તવ્ય થઈ જાય છે; માટે આપણું કર્તવ્ય આપણે ચૂકવું નહીં જોઇએ.

ગુણ મેળવવા માટે આપણને પ્રયત્ન કરવા પડે અને ઘણી વખત કષ્ટ પણ વેઠવા પડે. કારણ બધી જ વસ્તુઓ પોતાની મેળે આપણી સામે આવી ઊભી રહેતી નથી. દરેક વસ્તુનો લાભ કે વિયોગ આપણી પરિસ્થિતિને અનુસરી પ્રાપ્ત થાય છે. ફૂલનો ખપ હોય તો આપણે કાંટા ભોંકાય તે સહન કરવા પડે. કોઈ ગુણી સજ્જન લાંબા અંતર ઉપર હોય તો આપણને ત્યાં ચાલીને પણ જવું પડે. જેમની પાસેથી ગુણ ગ્રહણ કરવાના હોય તેમની અનુકૂલતા અને પ્રતિકૂલતાનો પણ આપણે વિચાર કરવો પડે. આપણને અનાજનો ખપ હોય છે, કાંકરાનો નહીં; તેથી જ આપણે અનાજ સાથે ભળી ગએલો એકેએક કાંકરો શોધી દૂર ફેંકી દઇએ છીએ અને ફક્ત અનાજ લઈએ છીએ. તેમ આપણે ગુણના અંશેઅંશ ભેગા કરવા મથવું જોઇએ. અને દોષનો અંશેઅંશ ફેંકી દેવો જોઇએ. કારણ આપણા આત્માને તેની જરૂર નથી હોતી.

ઘણા ભાગે આપણને આપણા દોષોનું ભાન પણ હોતું નથી. તેથી જ એક સજ્જન કવિએ લખ્યું છે કે નિંદકનું ઘર મારા ઘરની જોડે હોય તો સારું; નિંદા કરનારો માણસ પોતાના સ્વભાવને અનુસરી મારી નિંદા કરવાનો જ અને એમ કહી મારા દોષો ઉઘાડા પાડવાનો, જેથી મારા દોષો એ બતાવતો રહેવાનો. પરિણામે મને મારા દોષો જાણવા મળે અને હું તે સુધારવા પ્રયત્ન કરું. મારા દોષ બતાવનારા એ નિંદકને મારો સાચો હિતચિંતક ગણું તો ચાલે. એ વિવેચનનો અર્થ એવો છે કે, આપણે બીજાના દોષો જોવાની ખટપટમાં પડવા કરતાં જો પોતાના જ દોષો જોવાનો પ્રયત્ન કરીએ તો એ વધારે લાભદાયક થાય. આપણા જીવનમાં ગુણોનો સંગ્રહ વધારે ને વધારે થતો રહે અને દોષો ઓછા થતા રહે એ જોવાની આપણી ફરજ છે. એ આપણે ભૂલવું નહીં જોઇએ. એટલા માટે જ ગુણીજનોની મૈત્રી મેળવી લેવાનો આપણે નિત્ય પ્રયત્ન કરવો જોઇએ.

દોષ એ ચેપી રોગો જેવા હોય છે. જેમ એક રોગીનો ચેપી રોગ બીજા નીરોગીને વળગી તેને પણ રોગી બનાવી દે છે, તેમ એકનો દોષ બીજાને લાગત, વાર લાગતી નથી. દોષોનું આકર્ષણ પણ એવુ વિચિત્ર હોય છે કે, બીજામાં એ દોષો તરત જ પ્રવેશી શકે છે. એક બીડી પીનારો બીજા અનેકોને બીડી ફૂંકનારા બનાવી દે છે. પાપ કરી દ્રવ્ય મેળવનારનો ક્ષણિક વૈભવ અનેકોને પાપ કરાવે છે. એમાં મોહિની હોય છે અને લાલચ પણ હોય છે, માટે જ દોષી માણસને આપણે દૂરથી જ ટાળવો જોઇએ. એમ કરતાં પ્રારંભમાં અઘરું લાગે પણ એ કરવા લાયક છે એમાં શંકા નથી. અને આપણે ગુણી થવું હોય તો એ કરવું જ જોઇએ એવી બુદ્ધિ આપણી થાય એ જ અભ્યર્થના!

❀

विद्या विवादाय धनं मदाय, शक्तिः परेषां परिपीडनाय।
मूर्खस्य साधोर्विपरीतमेतत्, ज्ञानाय दानाय च रक्षणाय॥

વાદ કરે વિદ્યા ભણી, ધનથી ગર્વ અપાર;
અંગબળેથી અવરને, પીડા કરે ગમાર.
પણ સજ્જન એ મૂર્ખથી, ઊલટો અતિ જણાય;
જ્ઞાન, દાન, રક્ષણ કરે, તે ત્રણવડે સહાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાશ્રયી બનો

લેખાંક : ૬
( ગતાંક પૃષ્ઠ ૧૯૩ થી શરૂ )

અનુ૦ શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ

જે માણુસ ધારે છે કે "કદાચ હું અમુક કાર્ય કરી શકીશ", "હું અમુક કાર્ય કરવાનો યત્ન કરીશ" અને જે માણુસ જાણે છે કે "હું તે કાર્ય કરી શકીશ", "હું તે કરવાને કર્તવ્યથી બંધાયેલો છું" તેમજ જેને લાગે છે કે ગમે તેવા પ્રતિકૂળ પ્રસંગને પહોંચી વળે એવું પ્રગતિકારક અપ્રતિહત સામર્થ્ય મારામાં રહેલું છે એ બન્ને માણુસોમાં મહાન તફાવત છે. નિશ્ચિતતા અને સંદિગ્ધતા વચ્ચે, "હું અમુક કાર્ય કરવાનો વિચાર કરું છું" અને "હું અમુક કાર્ય કરી શકીશ" એની વચ્ચે, "હું અમુક કાર્ય કરવાનો યત્ન કરીશ" અને "હું તે કરીશ જ" એની વચ્ચે જે ભેદ રહેલો છે તેનાથી સામર્થ્ય અને દૌર્બલ્ય, શ્રેષ્ઠતા અને મધ્યમતા, ઉત્કૃષ્ટતા અને સામાન્યતા વચ્ચે રહેલા ભેદનું માપન થાય છે. જે માણુસને કંઇ પણ કાર્ય કરી બતાવવાની ઇચ્છા છે તે બહાર પડવાની મહાન્ શક્તિઓથી સંપન્ન હોવો જોઇએ. અંગીકાર કરેલા કાર્યમાં પોતામાં રહેલું સર્વસ્વ તેણે રોકવું જોઇએ, જેથી તે પ્રત્યેક અંતરાયની સામે ટક્કર ઝીલી શકે. સંદિગ્ધ અને અદૃઢ ચિત્તથી મનુષ્ય કોઇ પણ કાર્ય કરી શકે એ અસંભવિત છે. અન્ય લોકોને અસંભવિત અથવા કઠિન જણાતું કાર્ય સાધવા પોતે સમર્થ છે એવી દૃઢતાપૂર્વકની માન્યતાથી જ સિદ્ધ થાય છે કે તેની અંદર એવું કંઇક રહેલું છે કે જે વડે તે આરંભેલા કાર્યમાં સફળતા મેળવવા સમર્થ બને છે.

શ્રદ્ધાવડે મનુષ્યો અનંત શક્તિની સાથે સંયુક્ત થાય છે અને અનંત શક્તિઓની સાથે એક થઈ કાર્યમાં જોડાવાથી મહાન, અસાધ્ય અથવા દુઃસાધ્ય કાર્યો સુસાધ્ય બને છે. જ્યારે અત્યંત નીડરપણાને લઇને મનુષ્યને સઘળો સમય પરમ સત્તાનો સર્વત્ર સાક્ષાત્કાર થયા કરે છે, ત્યારે જ તે પોતાની શક્તિઓનો બહિર્ભાવ કરવાની સ્થિતિમાં મુકાય છે. આત્મશ્રદ્ધાની માણુસની શક્તિમાં જેટલી વૃદ્ધિ થાય છે તેટલી અન્ય કશી વસ્તુથી થતી નથી. આત્મશ્રદ્ધાની સહાયથી સામાન્ય બુદ્ધિવાળો માણુસ વિજયી નીવડે છે. જ્યારે આત્મશ્રદ્ધા વગર રાક્ષસી બુદ્ધિવાળા મનુષ્યના પ્રયત્નો પણુ સફળ થતા નથી. શ્રદ્ધા ઉચ્ચ ગિરિના શૃંગો ઉપર વિચરે છે અને તેથી જ તેની દૃષ્ટિ હંમેશા ઊર્ધ્વગામી હોય છે, તેની પાછળ ચાલનારને જે વસ્તુ દર્શનાતીત હોય છે તે તેને દૃષ્ટિગોચર હોય છે.

પ્રબળ આત્મશ્રદ્ધાએ જ કોલમ્બસને સ્પેનની શિષ્ટસભાના આરોપો અને ઉપહાસયુક્ત વચનો સહન કરવાને અને અજાણ્યા સમુદ્રની સપાટી ઉપર સંચરતા એક નાનકડા વહાણુમાંના એના નાવિકોના સંક્ષોભની સામે ટકી રહેવાને સશક્ત કર્યો હતો. હુડસન પર્યંત પ્રથમ પર્યટન કરવાના ફુલ્ટનના યત્નમાં ધૈર્ય અને નિશ્ચય સિંચનાર આ આત્મશ્રદ્ધા જ હતી. જો કે અન્ય નાગરિકો તેની વિરુદ્ધ હતા અને તેની મશ્કરી કરવા એકત્ર થયા હતા તો પણ અંગીકાર કરેલું કાર્ય પોતે કરી શકશે એવી તેની મજબૂત માન્યતા હતી અને તેના બળે નાગરિકોને સ્વપ્નમાં પણ ખ્યાલ નહિ હોય એવો અપૂર્વ વિજય પ્રાપ્ત કરવા તે ભાગ્યશાળી થયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અચળ આત્મશ્રદ્ધાએ કરેલા ચમત્કારો જુઓ અને વિચાર કરો. નેલ્સન વગેરે અનેક મહાપુરુષોના વિજયમાં આત્મશ્રદ્ધા જ કારણભૂત હતી. આત્મશ્રદ્ધાએ શોધખોળ અને કળાકૌશલ્યના ક્ષેત્રમાં બલવર્ધક ઔષધો સમાન કાર્ય બજાવ્યું છે. યુદ્ધમાં અને વિજ્ઞાનમાં જે કાર્યો સંશયાત્માઓથી અસંભવિત માનવામાં આવતા હતા તે કાર્યો આત્મશ્રદ્ધાએ સંભવિત બનાવ્યા છે. જે કટોકટીના પ્રસંગોથી અને દુર્ઘટ ઘટનાઓથી મહાન શોધકો હતાશ થઇ ગયા હતા તેમાંથી પસાર થવાની શક્તિનો સંચારે કરનાર આત્મશ્રદ્ધા છે. પરાક્રમભરેલાં કાર્યો સિદ્ધ થાય નહિ ત્યાં સુધી અસંખ્ય વીરપુરુષોને પોતાનાં કાર્યોને વળગી રહેવાનું બળ આપનાર આત્મશ્રદ્ધા છે. આપણા પોતાની અંદર નિકૃષ્ટતાનું રોપણ કરવાથી જ આપણે અપકર્ષના ખાડામાં પડીએ છીએ. આપણામાં રહેલી દિવ્યતા આપણા સમજવામાં આવે અને આપણે ઊર્ધ્વદૃષ્ટિથી જ વિચાર કરીએ તો ઉન્નતિના શિખર પર અલ્પ સમયમાં જ પહોંચી શકીએ.

પોતાનું મૂલ્ય ઓછું આંકવાની ટેવને લઈને અનેક માણસો વિકાસક્રમમાં જેટલા પાછળ રહે છે તેટલા અન્ય કોઇ પણ વસ્તુને લઇને રહેતા નથી. તેઓ પોતાના સંકુચિત વિચારોને અને પોતાની લાયકાત સંબંધી મૂર્ખતાભરેલી માન્યતાને બીજી કોઇ પણ વસ્તુ કરતાં વધારે આધીન બની ગયા હોય છે. જ્યારે માણસ ધારે છે કે અમુક કાર્ય કરવા પોતે અસમર્થ છે ત્યારે તે કાર્ય કરવામાં તેને મદદ કરે તેવી કોઈ શક્તિ વિશ્વમાં નથી. સર્વ વિષયમાં આત્મશ્રદ્ધા જ અગ્રસ્થાને હોવી જોઇએ. તમારા માટે તમે જે સીમા નક્કી કરો છો તેની બહાર જવા તમે અશક્ત છો. ઉત્તમ વસ્તુઓ માટેની પોતાની મહેચ્છાઓનો કંઇક અંતિમ ઉદ્દેશ છે. પોતે મહાન છે એમ ખરેખરી રીતે માનવાની વાત મનુષ્યોને અત્યંત મુશ્કેલીભરેલી લાગે છે; પરંતુ ખરી રીતે આપણામાં ઉચ્ચ આશાઓ ઉદ્દભવે છે એ જ સૂચવે છે કે તેને સિદ્ધ કરવાની આપણામાં શક્તિ રહેલી છે. આપણી આશાઓ આપણી આંતરિક દિવ્યતાના પ્રોત્સાહનરૂપે છે, ઉચ્ચ પ્રદેશમાં જવાના આહ્વાનરૂપે છે.

જ્યાં સુધી માણુસમાં આત્મશ્રદ્ધાનો ઉદ્દભવ થતો નથી, જ્યાં સુધી તેને પોતાની અંદર રહેલા ઉચ્ચ અંશોનું યથાર્થ ભાન થયું નથી, અને જ્યાં સુધી તેને સમજાતું નથી કે તેની મહેચ્છાઓ તેના આદર્શને પ્રત્યક્ષ અનુભવવાની તેની શક્તિના સૂચક છે ત્યાં સુધી કોઇ પણ માણુસ જગતમાં આગળ વધી શકતો નથી. અથવા મહાન્ શક્તિઓનો આવિર્ભાવ કરી શકતો નથી. જિંદગીમાં જે જે વસ્તુઓની તમને પ્રાપ્તિ થાય છે તે સર્વનું કારણુ તમારા પોતામાં રહેલું છે. તેની ઉત્પત્તિ ત્યાંથી જ થાય છે. જે વસ્તુ મેળવવા તમે ઇચ્છો છો અને પ્રયાસ કરો છો તે તમને મળે છે, કેમકે તે તમારા વિચારોમાંથી ઉત્પન્ન થાય છે અને તમારી અંદર એવું કંઇક રહેલું છે જે તેને તમારી તરફ ખેંચી લાવે છે. જે તમારું પોતાનું હોય છે તે જ તમને મળે છે, તે જ તમારી શોધમાં હોય છે. જ્યારે જ્યારે તમે કોઇ પણ માણુસને કોઇ પણ ક્ષેત્રમાં અસાધારણુ વિજય મેળવતો જુઓ ત્યારે યાદ રાખો કે તેણે સતત તે સ્થિતિને જ પોતાની વિચારસૃષ્ટિમાં રચી હોય છે, અને તેની મનોવૃત્તિ અને શક્તિમાંથી તેની ઉત્પત્તિ થઈ હોય છે. તેનો વિજય તેની અચળ આત્મશ્રદ્ધાનું, તેનાં આંતરનિરૂપણનું અને તેની શક્તિઓ અને શકયતાની યથાર્થ ગણુનાનું પરિણામ છે. જગતમાં મહાન કાર્ય કરનાર લોકો હંમેશાં જબરા આત્મશ્રદ્ધાવાન હોય છે.

કોઇ પણુ મનુષ્યને સદ્દબોધામૃતનું પાન કરાવવું હોવ તો આ શબ્દો જ કહો કે "તમારા સર્વ બળથી આત્મશ્રદ્ધાવાન બનો, તમારું ભાગ્ય તમારી અંદર રહેલું છે. તમારી અંદર એક શક્તિ એવી છે કે જો તેને સચેતન કરવામાં આવે, જાગૃત કરવામાં આવે, યત્નથી કેળવવામાં આવે તો તેનાથી તમે એક ઉદારચરિત પુરુષ થશો, એટલું જ નહિ પણ દરેક ક્ષેત્રમાં વિજયી અને સુખભાગી થશો. પ્રત્યેક શાસ્ત્રમાં આત્મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રદ્ધાની અલૌકિક અને ચમત્કારિક શક્તિનું અવધારણુ થયેલું આપણુને સર્વદા માલૂમ પડે છે. અમુક વ્યક્તિમાં આત્મશ્રદ્ધા છે એ વાત એમ સૂચવે છે કે તેની આંતરિક શક્તિઓનું તેને ભાન રહેલું છે. જેનાથી માર્ગમાં આવતાં અંતરાયો, વિઘ્નો અને મુશ્કેલીઓનો તે નાશ કરી શકે છે, અથવા તે દૂર કરવાની તેની શક્તિની સરખામણીમાં તે મુશ્કેલીઓ અતિ તુચ્છ ભાસે છે. આત્મશ્રદ્ધા આપણુને આત્માની અમર્યાદ શક્યતાઓ જોવાનું બળ આપે છે અને આપણામાં એવી અજબ્ય શક્તિઓ પ્રકટ કરે છે કે આપણે પ્રગતિમાન થવાને ઉત્સાહિત થઇએ છીએ, એટલું જ નહિ પણ ગૂઢિંગત થયેલી શક્તિઓનું આપણુને અભિજ્ઞાન થાય છે; કારણુ કે આપણે સર્વ શક્તિઓના સમુચ્ચયના નિકટ સંબંધમાં આવીએ છીએ. અને આપણુને સર્વ વસ્તુઓનો મહાન પ્રભાવ દૃષ્ટિગોચર થાય છે.

શ્રદ્ધા એ આપણામાં રહેલી એક એવી વસ્તુ છે કે જે સઘળું જાણે છે. તે જાણે છે કે આપણી પાશવી પ્રકૃતિને જે કંઇ અગોચર છે તે સઘળું તેને દૃષ્ટિગોચર હોય છે. આત્મશ્રદ્ધા આપણી અંદર રહેલી અનાગતદર્શી છે અને આપણુને પ્રોત્સાહન આપનાર માર્ગદર્શક દિવ્ય દૂત છે, જીવનપંથમાં આગળ વધવાનું તજી દેતા અને હતાશ થતા અટકાવવાને તે આપણુને આપણી શક્યતાનું સ્પષ્ટ અને સત્ય ભાન કરાવે છે. આપણી શ્રદ્ધા સઘળું જાણે છે, કારણુ કે જે આપણુને અગોચર અને અગમ્ય છે ને તેને ગોચર અને ગમ્ય છે. આપણા શંકાયુક્ત અને ભયયુક્ત વિચારો આપણી જે શક્તિઓને અને સાધનોને પડદામાં રાખે છે તે શ્રદ્ધા જોઈ શકે છે. જ્યાં શ્રદ્ધા હોય ત્યાં શંકા કે ભય સંભવે જ નહિ. મુશ્કેલીઓમાંથી બહાર નીકળવાનો માર્ગ શ્રદ્ધા જોઈ શકે છે. આપણા ઉદાત્ત, દિવ્ય અને મનોહર જીવનરાજ્યમાં શ્રદ્ધા અવગાહન કરી શકે છે. જેનામાં શ્રદ્ધા છે તેને સઘળું સુલભ છે, કારણુ કે કાર્યસિદ્ધિરૂપી શક્તિને શ્રદ્ધા સારી રીતે ઓળખે છે.

જો પરમાત્મામાં અને આપણા પોતામાં અડગ શ્રદ્ધા હોય તો આપણે મુશ્કેલીઓના સર્વ પર્વતોનું ઉલ્લંઘન કરી શકીએ છીએ; અને આપણા જીવનના લક્ષ્યસ્થાને અલ્પ સમયમાં સંપૂર્ણ ફતેહમંદીથી પહોંચી શકીયે છીએ. શ્રદ્ધાથી સર્વ પ્રકારના અનર્થો, આવરણો અને ઉપાધિઓ દૂર કરી શકાય છે. એક સમય એવો આવશે કે જ્યારે દરેક મનુષ્યમાં અમર્યાદ શ્રદ્ધા પ્રવર્તશે અને જગતનો પ્રત્યેક વ્યકિત વિજયશ્રીથી શોભાયમાન પરમ સુખમય જીવન વહન કરશે અને જગતમાંથી દારિદ્રયનો, નિષ્ફળતાનો અને જીવનની વિષમતાઓનો વિલય થશે. (ચાલુ)


सत्संगाद्भवति हि साधुता खलानां
साधूनां नहि खलसंगमात्खलत्वम् ।
आमोदं कुसुमभवं मृदेव धत्ते
मृद्गंधं नहि कुसुमानि धारयन्ति ॥

(પ્રહર્ષિણી વૃત્ત)

સત્સંગે ખલજન સાધુ થાય સારા,
સાધુઓ નહિ ખલથી થશે નઠારા;
સોગંધી કુસુમતણી જ માટી ધારે,
માટીની નહિ કુસુમો ધરે લગારે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જ્ઞાન–આરાધન પર્વ

શ્રી મોહનલાલ દી. ચોકસી

લૌકિક પર્વો કરતાં લોકોત્તર-પર્વોની યોજના ખરેખર જ્ઞાની ભગવંતોએ અનોખી દૃષ્ટિએ કરેલી છે. પર્વોની ઉજવણી આનંદ ખાતર હોય છે અને જનસમૂહનો અતિ મોટો ભાગ ખાવા પીવામાં કે મરજી માફક ફરવા હરવામાં અથવા તો ઇંદ્રિયોજનિત વિલાસ માણવામાં આનંદ અનુભવે છે. જો સૂક્ષ્મદૃષ્ટિએ વિચારીએ તો એ આનંદ યથાર્થ નથી પણ ક્ષણભંગુર છે. પરિણામે એમાં સાચું સુખ સાંપડતું નથી. જેમાં આત્મા ઉલ્લાસ અનુભવે અને પર્વની ઉજવણી પછી કંઈક અંશે ઉન્નતિના પંથે એકાદ ડગ આગળ ભર્યાનો એને ભાસ થાય તો જ એ વાસ્તવિક રીતે આનંદ માણ્યો કહી શકાય. એટલે જ લોકોત્તર પર્વની વિશિષ્ટતા સવિશેષ છે.

વિક્રમના સંવત્સરમાં નૂતન વર્ષના પ્રારંભ પછી સૌપ્રથમ જે પર્વ તીર્થંકર દેવોએ દર્શાવેલ છે એ 'સૌભાગ્યપંચમી' યાને 'જ્ઞાનપંચમી' તરીકે ઓળખાય છે, કાર્તિક શુક્લ પંચમીનો આ દિન જ્ઞાન આરાધનનો લેખાય છે. એ વેળા જૈનધર્મના અનુયાયીઓ જ્ઞાનની પ્રતો તેમજ પુસ્તકોની પૂજા કરે છે અને શક્તિ અનુસાર તપ અનુષ્ઠાન પણ આચરે છે. પ્રાતઃકાળ થતાં જ નર નારી ને બાળસમૂહ હાથમાં કાગળના ભુંગળા અને એકાદું બરૂ લઈ જ્યાં જ્ઞાન પધરાવેલું હોય છે ત્યાં જઇ, નમસ્કાર કરી એ મૂકે છે. ધૂપ દીપ ધરે છે અને અભ્યાસી હોય તો સ્તવનામાં પણ લીન થાય છે. દેશ-કાળના બદલાયેલા સંયોગોમાં આ પ્રથા જરૂરી પરિવર્તન માંગે છે, જેનો વિચાર અસ્થાને નહીં ગણાય. જે કાળે બરાની કલમ-કરી, મૂકવામાં આવતા કાગળનો ઉપયોગ પુસ્તક લખવામાં થતો તે વેળા આમ કરવું ઊચિત હતું. પણ આજે જ્યારે બરાની કલમનો ઉપયોગ સર્વથા ભૂસાઇ ગયો છે, મુનિરાજો પણ ઇંડીપેન વાપરતા થઇ ગયા છે અને પુસ્તક પ્રકાશનમાં આ પ્રકારના મૂકવામાં આવતા કાગળના ભુંગળા કંઇ જ કામમાં આવતા નથી ત્યારે જે સુધારણા જરૂરી છે તે એ જ કે જ્ઞાનભક્તિમાં આવી વસ્તુઓ ન મૂકતાં નગદ રકમ મૂકવી કે જેથી સાહિત્યના પ્રકાશનમાં કામ લાગે. પૂર્વે આ પર્વ નિમિત્તે તાડપત્ર ને કાગળ પર લખાયેલી પ્રતો ભંડારમાંથી બહાર કાઢી, તેને સૂર્યના કિરણોને બહારની હવાનો લાભ અપાતો. વીતેલા ચોમાસામાં ભેજના કારણે કિંવા કંઇ જીવોત્પત્તિના કારણે એ પ્રતોને ક્ષતિ તો નથી પહોંચી એની તપાસ થતી. પણ આજે તો જેમના હાથમાં વહીવટ હોય છે એમને ભંડારના તાળા ઉઘાડવાની ફુરસદ હોતી નથી! કેટલાક સ્થળે જ્ઞાન મંડાય છે એ દર વર્ષના 'રુટિન' કિંવા પરંપરાની પદ્ધત્તિ સાચવવારૂપ હોય છે. ન મળે નવીનતા કે ન મળે આકર્ષણ!

વિજ્ઞાનમાં વિદ્યુત ગતિએ પ્રગતિ કરી રહેલ આ યુગમાં આપણું આ પ્રકારનું આચરણ એ જૈનેતરને હાસ્યાસ્પદ લાગે છે. જ્ઞાનને આત્માનો મુખ્ય ગુણ માન્યો છે. એમાં અમાપ શક્તિ છે એવું ખૂદ ચરમ તીર્થપતિ **ભગવંત શ્રી મહાવીરદેવે** ભાખ્યું છે.

આ રહ્યા એ **મહામૂલા વચનામૃતો**—

ગુણ અનંત આતમતણા રે, મુખ્યપણે તિહાં દોય;
તેહમાં પણ **જ્ઞાન** જ વડું રે, જિણથી દર્શન હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાની શ્વાસોશ્વાસમાં રે, કઠિણ કર્મ કરે નાશ;
વન્હિ જેમ ઇંધણ દહે રે, ક્ષણમાં જ્યોતિ પ્રકાશ.

× × ×

જ્ઞાન વિના ક્રિયા કહી, કાસકુસુમ ઉપમાન;
લોકાલોક પ્રકાશકર, જ્ઞાન એક પ્રધાન.
દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધક જ્ઞાન;
જ્ઞાનતણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન.

× × ×

જ્ઞાન સકળ નય સાધન સાધો, ક્રિયા જ્ઞાનકી દાસી;
ક્રિયા કરત ધરતુ હે મમતા, યાહિ ગલેમેં ફાંસી.

વર્તમાન ચિત્ર તરફ નજર નાંખતા અફસોસ થાય તેવી દશા જણાય છે. ક્રિયા કરનાર સંખ્યા અવશ્ય વધી છે પણ એ પાછળ જે સમજ હોવી જોઇએ તે જણાતી નથી. જ્ઞાનની ઉણપ તો ડગલે ને પગલે દષ્ટિગોચર થાય છે. જગતને આજે સાહિત્ય મેળવવાની અને જાણવાની ભૂખ ઉદ્‌ભવી છે ત્યારે આપણી દશા કેવી છે!

હજુ એવા પણ વહીવટદારો છે કે જે પોતાની હસ્તકના ભંડારને તપાસવા દેવાની આનાકાની કરે છે!

એવા પણ ભંડારો છે કે જેના તાળામાં વર્ષમાં એકાદવાર પણ ચાવી ફરતી નથી!

એવા પણ સંતો છે કે જેઓ આજે પણ આ જ્ઞાન પ્રગટ થવું ન જોઇએ, જૈનેતરોના હાથમાં ન અપાવું જોઇએ એવું મંતવ્ય ધરાવે છે!

જો જ્ઞાન સંઘરવાનો પદાર્થ હોત તો જે શિખવાથી ભવિષ્યમાં પોતાને જ કષ્ટ પડવાનું છે એવી તેજોલેશ્યા સંબંધી જ્ઞાન ખૂદ **ભગવાન વર્ધમાન સ્વામી** શા સારુ ગોશાલાને શિખવત!

પર્વના દીર્ઘદર્શી સંતોએ, વાતાવરણ વિષમ હોવા છતાં જે અપૂર્વ કૃતિઓના સર્જન કરેલાં છે એની કેવળ ધૂપ દીપથી પૂજા કરી ઇતિકર્તવ્યતા બજાવ્યાનો કિંવા ભક્તિ કર્યાનો હર્ષ અનુભવવાનો હોત તો, **ज्ञानक्रियाभ्यां मोक्षः** જેવું સૂત્ર પ્રભુ ઉચ્ચારત ખરા? પ્રશંસાપાત્ર ભક્ત એવા **શ્રી ગૌતમ**ને જ્ઞાન પાછળનું ઉમદા રહસ્ય જાતે સમજે એ આશયથી પોતાના અંતસમયે દ્વિજને પ્રતિબોધવા મોકલત ખરા?

જૈનધર્મમાં ભક્તિનો છેદ ઉરાડ્યો નથી, પણ એ સાધન શુષ્ક ન હોવું જોઇએ. વીતરાગના માર્ગમાં આચરણ પર ભાર છે જ અને સાથોસાથ લાલબત્તી પણ ધરાયેલી છે કે એ સમજપૂર્વકનું હોવું જોઇએ. એ વાત પણ ડિંડિમનાદે કહેવાયેલી છે કે પંચમ આરામાં ભવ્યાત્માઓ માટે સંસાર તરવાના જે બે સાધન છે તે **મૂર્તિ** અને **આગમ**. એમાં પ્રથમ સાધન મૂક હોઇ, જાણકાર માટે જ અવલંબનરૂપ બને છે; જ્યારે પાછળનું સાધન તો દીપકની માફક સ્વપરપ્રકાશક છે. એના દ્વારા કલ્પનામાં ન આવી શકે તેવી પ્રભા પથરાય છે.

જ્ઞાન પંચમીના પર્વ પાછળનું સાચું રહસ્ય અવધારીએ તો આજના આ યુગમાં **ભગવંત શ્રી મહાવીર દેવનો** સંદેશો અખિલ વિશ્વમાં વિસ્તારવામાં આ દિન ખાસ પ્રેરણાદાયી નીવડે. આપણી પાસે રહેલ સાહિત્યનો જે અદ્‌ભુત ખજાનો છે તેનો આ પવિત્ર દિવસે જરૂર પડયે એકાદ બે દિન પૂર્વેથી આરંભ કરી બે દિન પાછળ લંબાવી એનું એવી રીતે પ્રદર્શન ગોઠવીએ કે એથી આપણી ભાવી પેઢીને નવું જાણવા મળે અને જૈનેતર વર્ગનું આકર્ષણ થાય. પંચમી પર્વ ખરેખર પાંચ દિનના મહોત્સવમાં ફેરવાઇ જાય.

આ ઉપરાંત એ નિમિત્તે એકઠા થતાં દ્રવ્યમાંથી દેશકાળના એંધાણ પારખી એકાદ વ્યવસ્થિત તંત્ર મારફતે **જૈનધર્મ**ના તત્ત્વોને યથાર્થ સ્વરૂપે રજૂ કરે તેવા, **અનેકાંત દર્શન**ની ખૂબીનો સંપૂર્ણ ખ્યાલ કરાવે તેવા, **અહિંસાની** અમોઘ શક્તિના દર્શન કરાવે તેવા ગ્રંથો તૈયાર કરાવી સારાયે વિશ્વમાં પ્રચાર પામે એવી ઉમદા અને ઉદાર ભાવનાથી અંગ્રેજી ભાષામાં ને સસ્તા મૂલ્યે ફેલાવો કરીએ. રાષ્ટ્ર ભાષા હિંદીમાં પણ પ્રકાશન કરીએ કે જેથી પડોશી સમાજો **જૈનધર્મ**નું હાર્દ સમજી શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્મારામજી (શ્રી વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજકૃત

# સત્તરભેદી પૂજા

વિવેચક : પંન્યાસશ્રી રામવિજયજી ગણિવર્ય

## તેરમી અષ્ટમંગલ પૂજા

(દુહા)

સ્વસ્તિક દર્પણ કુંભ હે, ભદ્રાસન વર્ધમાન;
શ્રીવચ્છ નંદાવર્ત હે, મીન યુગલ સુવિધાન....૧...

અતુલ વિમલ ખંડિત નહિ, પંચ વરણ કે શાલ;
ચંદ્ર કિરણ સમ ઉજ્વલે, યુવતિ રચે વિશાલ....૨...

અતિ સુલક્ષણ તંદુલે, લેખી મંગલ આઠ;
જિનવર અગે પૂજતાં, આનંદમંગલ ઠાઠ...૩...

**ભાવાર્થ** :—આ પૂજા અષ્ટ મંગલની છે. તેની વિધિ આ પ્રમાણે જાણવી. એક સોભાગ્યવતી સુંદરી, ચંદ્રના કિરણ જેવા અતિ જાતિમાન એવા અક્ષતો પંચવર્ણા બનાવે છે. પછી આ લીલા-પીળા-ધોળા-કાળા-રાતા એવા અક્ષતોથી પાટલા ઉપર અષ્ટમંગલ ચિતરે-(આલેખે). તેના નામ કહે છે. (૧) સ્વસ્તિક, (૨) દર્પણ, (૩) કુંભ, (૪) ભદ્રાસન, (૫) વર્ધમાન, (સંપૂટ એક સવળા કુંડા ઉપર અવળું એક કુંડું-એવી આકૃતિ રચે) (૬) શ્રીવત્સલક્ષણ, (૭) નંદાવર્ત-આવર્ત વધતાં વધતાં જેમાં છે. (સંખ્યાએ નવ એવો સાથીઓ). (૮) તથા "મત્સ્યયુગલ" માછલા માછલીનું જોડલું. એવી રીતે અષ્ટમંગલની પૂજા જિનેશ્વરના મંદિરમાં કરવામાં આવે તો ભક્તજનોને આનંદમંગલ પ્રાપ્ત થાય છે, વિઘ્નો નાશ પામે છે, સાચી શાંતિ મળી શકે છે.

---

એક કાળે માગધી, પ્રાકૃત કે સંસ્કૃત ગિરાનું જે આકર્ષણ ને વપરાશ હતો તે આજે નથી, માટે જે ચાલણીનાણા સમી ભાષા હોય એમાં તીર્થંકરની વાણીને ઉતારવી એ ઉપાસકોનો ધર્મ થઈ પડે છે.

**बालस्त्रीमंदमूर्खाणां नृणां चारित्रकांक्षिणाम्।**
**अनुग्रहार्थं तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः॥**

એ શ્લોક પાછળનો આશય યથાર્થરૂપે અવધારી લઇ આજના વાતાવરણમાં જે સ્વરૂપ બંધબેસતું થાય એ અપનાવી, પ્રભાવનાની દિશામાં આગળ વધીએ. સોટચના સુવર્ણને જળ સ્થળ કે સારા નરસા હાથોના ભેદ નડતા નથી. પરીક્ષકના હાથે એની યથાર્થ કિંમત થાય છે અને કદાચ ગમારના હાથમાં એ જઈ પડે તો પણ એનો પ્રકાશ છૂપો ન હોવાથી તરણા તુલ્ય તો નાજ લેખાતું. સર્વજ્ઞનો સંદેશો ગમે તેવા હૃદયમાં પ્રવેશ પામશે તો પણ એ કલ્યાણકારી જ નીવડવાનો છે. એ માર્ગે પ્રયાસ કરનારને તો એકાંતે લાભ જ કહ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઢાળ તેરમી

રાગ-જિન ગુણગાન શ્રુતિ અમ્રત-એ દેશી

મંગલ પૂજા સુરતરુકંદ; .... ... ... ... ...એ આંકણી...
સિદ્ધિ આઠ આનંદ પ્રપંચે, આઠ કરમકા કાઢે ફંદ...મંગલ-૧
આઠ મદો ભયે છિનકમેં દૂરે, પૂરે અડગુણ ગયે સબ ધંદ...મંગલ-૨
જે જિન આઠ મંગલ શું પૂજે, તસ ઘર કમલા કેલી કરંદ....મંગલ-૩
આઠ પ્રવચન સુધારસ પ્રગટે, સૂરિ સંપદા અતિહિ ઉત્તંગ...મંગલ-૪
આતમ અડગુણો ચિદ્દઘનરાશી, સહજ વિલાસી આતમચંદ...મંગલ-૫

**ભાવાર્થ**:—આ તેરમી પૂજા અષ્ટમંગલની છે. તેની વિધિ-દુહાના અર્થમાં બતાવી છે. આ પૂજા કલ્પવૃક્ષના મૂલરૂપ છે. એ પૂજાથી અણિમા-લઘિમા આદિ આઠ સિદ્ધિઓના આનંદ સમૂહ પ્રાપ્ત થાય છે. વળી આઠ કર્મના ફંદો-(ચેષ્ટાઓ)ને કાપી નાંખે છે. આઠ મદો ક્ષણવારમાં દૂર ટળી જાય છે. "શુશ્રૂષા" આદિ બુદ્ધિના આઠ ગુણો પ્રાપ્ત થાય છે. મોહરાજાના તોફાનો ચાલ્યા જાય છે. એવી રીતે જે શ્રાવકો અષ્ટ મંગલની પૂજા કરે છે, તેને ઘેર લક્ષ્મી દેવી ક્રીડા કરે છે-રમે છે-ખેલે છે-અર્થાત્ લ્હેર કરે છે. અષ્ટ પ્રવચનરૂપ અમૃત પ્રગટ થાય છે. પાંચ સમિતિ ત્રણ ગુપ્તિરૂપ આચાર્યની મ્હોટી મ્હોટી સંપદાઓ પ્રાપ્ત થાય છે. આઠ કર્મના ક્ષયથી પ્રગટ થતાં એવા સિદ્ધ સ્વરૂપના આઠ ગુણની રાશી સાચા જ્ઞાનસ્વરૂપમય મેળવાય છે. વળી આત્મારૂપ ચંદ્રમા સ્વાભાવિક સાચા વિલાસવાળો બને છે.

## ચૌદમી ધૂપ પૂજા

(દુહા)

મૃગમદ અગર સેલારસ, ગંધવટી ઘનસાર;
કૃષ્ણાગર શુદ્ધ કુંદરુ, ચંદન અંબર ભાર...૧...
સુરભિ દ્રવ્ય મિલાય કે, કરે દશાંગ જ ધૂપ;
ધૂપધાણા મેં લે કરી, પૂજે ત્રિભુવન ભૂપ...૨...

**અર્થ**:—આ ચૌદમી પૂજા ધૂપ સંબંધની છે. કસ્તૂરી-અગર-સેલારસ-તગર-ગંધવટી-કપુર-કૃષ્ણાગરુ-શુદ્ધ કુંદરુ-ચંદન-અંબર વિગેરેના સુગંધી દ્રવ્ય મીલાવીને દશાંગ ધૂપ બનાવેલો હોય-એવો ધૂપ, ધૂપધાણામાં લઇ ત્રિભુવનના રાજા એવા જિનેશ્વર દેવને પૂજે...

### ઢાલ-ચૌદમી

રાગ-પીલુ-તાલ દીપચંદી.

**મેરે જિણંદ કી ધૂપસે પૂજા, કુમતિ કુગંધી દૂર હરી રે-મેરે-એ આંકણી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ હરે કરે નિજ ગુણ ગંધી, દહે જંજીર કુગુરુ કી બંધી
નિર્મલ ભાવ ધરે જગચંદી, મુજે ઉતારો પાર
કે અઘ સબ દૂર કરી ... ... .... .... ...મેરે...(૧)

ઊર્ધ્વ ગતિ સૂચક ભવિ કેરી, પરમ બ્રહ્મ તુમ નામ જ પેરી,
મિથ્યાવાસ દુખરાશી ઝરેરી
કરો નિરંજન નાથ–મુક્તિ કા સાથ–કે મમતા મૂલ જરી. મેરે...(૨)


ધૂપસે પૂજા જિનવરકેરી, મુક્તિવધૂ ભઇ છિનકમેં ચેરી;
અબ તો કયોં પ્રભુ કીની દેરી,
તૂટી નિરંજન રૂપ, ત્રિલોકી ભૂપ કે વિપદા દૂર કરી. મેરે....(૩)

આતમ મંગલ આનંદકારી, તુમહી ચરણસરન અબ ધારી;
પૂજે જેમ હરી તેમ આગારી,
મંગલકમલા કંદ, શરદકા ચંદ કે તાપસ દૂર હરી. મેરે....(૪)

**ભાવાર્થ:**–મારા જિનેંદ્ર પ્રભુની ધૂપ પૂજાથી કુમતિરૂપી દુર્ગંધી દૂર નાશી જાય છે. વળી રોગને હરે છે. સ્વગુણરૂપી ગંધ ઉત્પન્ન કરે છે. તેમજ કુગુરુની મિથ્યાત્વરૂપ ગાંઠ(બંધન)ની ઉપાધી બાળી નાંખે છે. નિર્મલ ભાવને ધારણ કરાવે છે. હે પ્રભુ! મને પાર ઉતારો, હે કીરતાર! મારા સર્વ પાપ દૂર કરો. એવા ફળવાળી પ્રભુજીના ધૂપની પૂજા સમજવી. વળી આ પૂજા ઊર્ધ્વ ગતિને સૂચવનારી છે, 'પરમબ્રહ્મ' (ઉત્કૃષ્ટ સત્યસ્વરૂપ ધારણ કરનાર એવું નામ) લેવરાવનારી છે. વળી મિથ્યાત્વરૂપ દુઃખની રાશીને ખેરવે છે. હે નિરંજન નાથ! હે મુક્તિના સાર્થવાહ પ્રભુ! મમતાના મૂલને જીર્ણ કરનારી એવી આપની ધૂપ–પૂજા મારાથી થઇ શકે એવી કૃપાદૃષ્ટિ કરો. "એવી રીતે જિનવર ધૂપપૂજા" ક્ષણવારમાં પ્રસિદ્ધિ પામીને મુક્તિસુંદરી જેવી બની ગઇ છે. હે નિરંજનરૂપ ત્રણ લોકના રાજા જિનેશ્વર પ્રભુ! "વિપદાને દૂર કરનારી એવી ધૂપપૂજા" મને કરાવવામાં કેમ વાર લગાડી? કેમ ઢીલ થઈ? કેમ વિલંબ થયો? આ વચનો ભક્તિરસના પોષક બોલવામાં ઓલંભારૂપ હોવાથી અવિનય કે ભાષાનો દોષ કહેવાય નહિ, એ રહસ્ય છે. આત્મસ્વરૂપી–મંગલકારી અને સાચા આનંદકારી એવા હે વીતરાગ પ્રભુ! મેં આપના ચરણનું શરણું લીધું છે. વળી જેમ ઇન્દ્ર તીર્થંકર પ્રભુની ધૂપપૂજા કરે છે, તેવી રીતે આગારી એટલે ભવ્ય સુશ્રાવકો (પૂજકો) પણ પૂજા કરે છે કે પ્રભુ, આપ મંગલરૂપ લક્ષ્મીના મૂળ સમાન છો. આપ આસો સુદી પુનમના (શરદ ઋતુના) સોળ કળાવંત ચંદ્રરૂપ છો. આપે જેમ ત્રિવિધ તાપ (દુઃખો) દૂર કર્યાં તેમ અમને પણ ભાવથી ધૂપપૂજા કરાવી અમારા ત્રિવિધ તાપો દૂર કરાવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મ–કૌશલ્ય

લેખક સ્વ૦ શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

## વહીવટનો મુદ્દો

## Organisation Motives

**અમારો વહીવટ તેના સ્થાપનારને સલામત આવક પૂરી પાડે તેવા ઇરાદાથી શરૂ કરવામાં આવ્યો નથી. એની પાછળ ઉચ્ચ આશયો છે.**

થોમસ બાટા નામનો મહાન્ ઉદ્યોગપતિ ઝેકોસ્લોવાકીઆમાં ૧૯૪૦ લગભગમાં થઈ ગયો. એણે બૂટ બનાવવાના ઉદ્યોગને મોટા પાયા પર વૈજ્ઞાનિક પદ્ધતિએ મૂકી દીધો. આખા યુરોપમાં તેના નામની વાહવાહ બોલાણી. તેણે એક વસિયતનામા જેવો લેખ લખ્યો છે. નાના વહીવટમાંથી મોટા ઉદ્યોગપતિ કેમ થવાય તેની ચાવીઓ તેણે જાતઅનુભવથી બતાવી છે. તે કહે છે કે કોઇ પણ ઉદ્યોગ માત્ર પોતાનું પેટિયું કાઢવા ખાતર શરૂ કરવો કે ચલાવવો નહિ. ઉદ્યોગનો ઉદ્દેશ સમાજની સેવા અને ઘરાકનું સારું ઇચ્છવામાં અને ઉદ્યોગની શોધખોળ અને પ્રગતિને અંગે ફનાગીરી સ્વીકારવાનો રાખવો જોઇએ. સારી રીતે કામ કરનાર, પ્રમાણિક સેવા કરનાર અને ઘરાકનું સારું ઇચ્છનાર પોતાનું ભરણપોષણ તો જરૂર મેળવે, પણ ઉદ્યોગને શરૂ કરનારની ભાવના સેવાની હોવી જોઇએ અને એવી રીતે કામ કરનાર ઉદ્યોગપતિ થાય છે, પોતાનો વેપાર જમાવે છે અને ગુજારો કરવા ઉપરાંત ઘણું વધારે મેળવી શકે છે.

કેટલાક ઉદ્યોગ શરૂ કરનારની દાનત ગમે તેમ કરીને ધન મેળવવાની હોય છે. એની નજરે ઘરાક મરે કે માંદો પડે એની પરવા હોતી નથી, ઘરાક માલ ખરીદી જરા વાપરે અને ધૂએ એટલે રૂવે (રડે) એની એને દરકાર હોતી નથી. પોતાને રૂપીઆના અઢાર આના થયા એટલે એને મન તો ઘી–કેળાં થઇ જાય છે. પછી ઘરાક એના નામ પર થૂંકે કે લ્યાનત કરે એની એને ચિંતા પડેલી હોતી નથી. એ તો પોતાના ગર્વમાં તણાતો જાય છે અને પોતાની છેતરવાની કળામાં પોતાની હુશિયારી માટે પોતાની જાતને થાબડ્યા કરે છે. આ ટૂંકી નજર છે, અવ્યાપારી નજર છે, ટૂંકી દૃષ્ટિનું પ્રદર્શન છે, અવ્યવહારુ બાલીશતા છે. આવી ટૂંકી નજરે ઘણા ફસાઈ જાય છે, ટૂંક ભંડોળમાં લેવાઈ જાય છે અને અંતે વેપારી તરીકે પાછા પડે છે.

બાટા કહે છે કે પોતે જ્યારે કોઈ હકીકતને ધંધાને નુકસાન કરે તેવી જાણે ત્યારે પોતે અંગત સ્વાર્થથી દૂર રહેલ છે અને કેટલીક વખત તો ધંધા ખાતર પોતાની અને પોતાના માણસોની જાતને જીવનના જોખમમાં પણ મૂકી દીધેલ છે. આવો ધંધા ખાતર ભોગ આપવાનો વિચાર માત્ર પૈસા મેળવવા ખાતર થઇ શકતો નથી. માલમાં બારોબાર કાંજી નાંખવી, ઘીમાં વેજીટેબલ (વનસ્પતિ) ઉમેરવી, લવીંગમાં તોલ વધારવા માટે ડાંખળીઓ નાખવી, તલના તેલમાં સોંઘુ શીંગનું તેલ નાખવું, ઘઉંમાં કાંકરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાખવા, રૂનાં ધોકડાં બાંધતાં અંદર પથ્થરો નાખવા, સાકરને બદલે ગોળની ચા આપવી–એ ધંધો વેપારીને શોભે નહિ. કાળાં બજાર વેપારીને કલંક ચઢાવે, ભળતી વાત કરી માલ ઠસાવવાની દાનત વેપારીને હલકો બતાવે અને ખોટા રંગ, હલકા ફુગાવા કે કાચા રંગનો ઉપયોગ કદી હાલાંને શીંકે ન ચઢાવે. થોડો વખત ગોટા ચાલે, પણ અંતે દૂધના દૂધમાં જાય અને પાણીનાં પાણીમાં ભળે.

માટે સાચા વેપારી થવું હોય તો વેપારની ધગશ હોવી જોઇએ, વેપારમાં નામના કરવાની તમન્ના હોવી જોઈએ. નામનાની પાછળ સત્યની પ્રતિજ્ઞા જોઇએ અને પ્રતિજ્ઞા પાછળ દઢ વિશ્વાસ અને પાકો નિશ્ચય જોઇએ. જેણે વેપાર જમાવવો હોય તેણે ઘરભેગું કરવાની ઇચ્છા ન રાખવી ઘટે, એણે તો વેપાર ખાતર સંન્યાસ લેવો ઘટે, વેપાર પાછળ સર્વનો ભોગ આપવો ઘટે, અને વેપારમાં ઘરાકનો સર્વોદય ઓછે ખરચે કેમ થાય તેની ચાલુ ચિંતા રાખવી ઘટે. સાચાખોટા માણસો અંતે વેપારમાં આગળ વધે, જમાવટ કરે, ઉદ્યોગપતિ થાય અને પોતાના કુટુંબ માટે 'ગુડવીલ' મૂકતા જાય. ગુડવીલનો ઉદ્દેશ ન હોય પણ પરિણામે તો જમાવટ જ થાય. વેપાર માટે સચ્ચાઇ જોઇએ, ધગશ જોઇએ, શોખ જોઈએ, તેની ખાતર સ્વાર્પણ કરવાની વૃત્તિ જોઇએ. લાભ તો થાય જ પણ તે આનુષંગિક હોય, છતાં આખરે એ અનિવાર્ય બને.

---

Our organisation has not been built up with the thought of providing a safe livelihood only for their founders. There have been higher motives.

From Testament of Thomas Bata

## વાસ્તવદર્શીતા

## Realistic View

**આપણે તો અહીં અને અત્યારે જ રહીએ છીએ; અને આપણે કાંઇ પણ મેળવવાના કે દહાડો વાળવાના હોઇએ તો જે સંયોગોમાં આપણે આવી પડેલા છીએ તેમાંથી જ શકરવાર વળવાનો છે.**

મારી પાસે પૈસા હોત તો હું કેળવણીની સંસ્થાઓ સ્થાપત, કે ગામને ઝાંપે ચોખા મૂકત, કે ગામમાં કોઇને હાથ લાંબો કરવાનો વખત ન રહેવા દેત, અથવા હજારો માણસોને રોજી આપત કે મોટા પાયા ઉપર કારખાનાં કાઢત, કે અનેક કંપનીઓની સ્થાપના કરત વગેરે વગેરે. આ સર્વ ખાલી ઉધામા છે, નિરર્થક માનસિક ચાળા છે, હેતુ પરિણામ વગરનાં નિર્બળ બહાનાં છે, અને આવા વિચારો થાકેલા, હારેલા, પાછા પડેલા, નબળા થઇ ગયેલા કે નાદાર બની ગયેલા જ કરે. હું લખપતિ હોત તો જથ્થાબંધ વેપાર કરત, કે હું કરોડપતિ હોત તો આશ્રમસ્થાનો, વ્યાપારગૃહો કે ઉદ્યમગૃહો બંધાવત એ તો માંદા પડેલાં મનનાં તર્ક-વિતર્કનાં જાળાં છે, સનેપાતના વલોપાત છે, હારેલ જુગારીનાં મનમનામણાં છે. જે ભડવીર હોય, જે કાર્યકુશળ હોય, જે વેપારીના નામને શોભા આપનાર હોય તે કદી આવા વિચાર કરે નહિ. એ તો જંગલમાં મંગળ કરે, ન હોય ત્યાં નવાં વ્યાપારો ખેડે, બીજાને ન સૂઝે તેવી તરકીબો કાઢે, નવીન ભાતોના ઉઠાવ જમાવે અને કાંકરાના સોના ચાંદી બનાવે. એ કોઇના ડરથી ગભરાય નહિ, એ કોઇના પૈસા જોઇ લોભાય નહિ, એ પાડોશીની ઉન્નતિ જોઈ બળતરા કે ઈર્ષા કરે નહિ, એ એકાદ ઊલટા સપાટાથી શોક ખાઇ જાય નહિ અને એ વિરુદ્ધ પડતી કુદરત કે આવી પડતી આફતના ફાંદામાં અટવાઇ જાય નહિ. સાચો વેપારી અન્યનો વાંક કાઢે નહિ, અન્યની ઉન્નતિની અદેખાઇ કરે નહિ, અન્યના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેજમાં અંજાઇ જાય નહિ, અન્યનાં ગળાં રેંસવાની તરકીબો રચે નહિ, બીજાની હવેલી જોઇ પોતાની ઝુંપડી બાળી નાખે નહિ. કુનેહબાજ સાચો વેપારી તો પોતે જે સ્થિતિમાં આવી પડ્યો હોય તેમાં મોજ માણે. એ જાણે કે હું ને મારી હાટડી, પોતે અને પોતાનો કબલો, જાતે પોતે અને પોતાની નાનકડી દુનિયા એ જ પોતાનાં સાચાં હલેસાં છે. એને તુંબડે જ પોતે સંસારસમુદ્ર તરવાનો છે, એ હલેસે જ પોતાની નૌકા આગળ ચલાવવાની છે અને એ જ ગરમ પાણીએ પોતાનાં ચોખા પકવવાના છે. એ જાણે કે પોતાને જે કાંઇ મળવાનું છે તે પોતે છે અને પોતાનાં છે એનાથી જ પોતે મેળવનાર છે અને એ છે એ જ પોતાનું સર્વસ્વ છે. જો પોતાના શક્કરવાર (સારો વખત) કોઈ દિવસ કોઇ પણ વખતે વળનાર હશે તો તે તેમનાથી જ અને તેમની મારફત જ થનાર છે.

આવા દેશમાં આપણે યુરોપ અમેરિકાના દેશોના વ્યાપારની વાત કરીએ કે નાની હાટડીમાં હજારો ગાંસડીના સોદાની વાતો કરીએ તે ખાલી જીભના લબકારા જ લેવાય. એમાં કાંઇ વળે નહિ અને વાતો કરવાથી કાંઇ વેપાર થાય નહિ અને વેપાર થાય તો તેમાં ઊંચે અવાય નહિ. દરેક પ્રાણીને તેની લાયકાત પ્રમાણે જ મળે છે, અને લાયકાત વગરની ઇચ્છાઓ કરવી એ તો માત્ર શેખચલ્લીને જ શોભે. એટલે આપણા સંયોગો વિચારી, આપણી પોતાની સાધન-સંપત્તિનો હિસાબ ગણી આપણને મળી શકવાની શક્ય સામગ્રીનો હિસાબ ગણી, પોતાની પથારી પાથરવી અને એથી વધારે મોટી મોટી કલ્પનાના જાળમાં ફસાઇ નિરંતર અતૃપ્ત દશાની અગ્નિમાં બળ્યા કરવું નહિ. પોતાના નાના ઝૂપાને હવેલી માનવી, પોતાની નાનકડી હાટડીને મોટી દુકાન માનવી અને પોતાના નાના નોકર મંડળને પરિપૂર્ણ વગદાર વટદાર કામદાર વર્ગ માનવો. વ્યાપારી પાકો હોય તે સમજે કે પોતે છે તે લાખનો માણસ છે, પોતે છે તે બરાબર છે અને પોતે જેવો હોય તેમાંથી પોતાનો રસ્તો કાઢવાનો છે. આટલું સમજે તો મહત્ત્વાકાંક્ષાને અવિરોધપણે પોતાનો માર્ગ ધપાવે અને અદેખાઇ, ઇર્ષ્યા કે કદર્થના કર્યા વગર સંતોષી જીવનનાં સુખને અનુભવે.

---

Here and now is where we live, and if we are to achieve at all, it must be in the conditions in which we find ourselves.

Rev. J. Mellce.

卐

**प्रथमे नार्जिता विद्या द्वितीये नार्जितं धनम् ।**
**तृतीये नार्जितो धर्मश्चतुर्थे किं करिष्यति ? ॥**

( રૂચિરા )

**પ્રાપ્ત કરી નહિ પહેલી વયમાં વિદ્યા પૂરી પ્રીતે રે,**
**બીજીમાં સંચય નવ કીધો ધનનો રૂડી રીતે રે;**
**ધર્મ કર્યો નહિ વય ત્રીજીમાં સુપાત્રને દઇ દાનો રે,**
**ચોથી વય ઘડપણમાંહિ કહો તે નર શું કરવાનો રે ?**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ન્યાયાચાર્ય અને રાજનગર

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

'ન્યાયાચાર્ય'થી ન્યાયવિશારદ ન્યાયાચાર્ય વાચક યશોવિજય ગણિ અત્ર અભિપ્રેત છે. 'રાજનગર' એ અમદાવાદનું એક વખતનું નામ છે. એ નામ ક્યારે? કોણે અને કેમ પાડ્યું? અને એ નામ ક્યાં સુધી ચાલુ રહ્યું? એ પ્રશ્નો વિચારવા માટે આ સ્થળ નથી એટલે અહીં તો એ અમદાવાદમાં-રાજનગરમાં લખાયેલી બે હાથપોથીનો હું નિર્દેશ કરું છું.

**પણ્ણવણા** અને એની મલયગિરિસૂરિકૃત ટીકાની એક હાથપોથી રાજનગરમાં વિ. સં. ૧૭૦૧માં લખાયેલી મળે છે.[૧] એવી રીતે **પચ્ચકખાણભાસની** એક હાથપોથી રાજનગરમાં વિ. સં. ૧૭૨૧માં લખાયેલી મળે છે.[૨] આ બંને હાથપોથી મુંબઈ સરકારની માલિકીની છે, અને એ હાલમાં ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધનમન્દિરમાં છે.

આ બે હાથપોથી ઉપરથી જાણી શકાય છે કે ન્યાયાચાર્યના સમયમાં અમદાવાદને લોકો 'રાજનગર' કહેતા હતા. આ રાજનગર સાથે ન્યાયાચાર્યનો શો સંબંધ છે તે હું આ લેખદ્વારા દર્શાવું છું.

**આઠ મહાવધાન**–કાન્તિએ રચેલી જસવેલડી કે જેને **સુજશ(સ)વેલી ભાસ** તરીકે ઓળખાવાય છે તેની પહેલી ઢાલમાં કહ્યું છે કે વિ. સં. ૧૬૯૯માં રાજનગરમાં સંઘ સમક્ષ યશોવિજયે આઠ અવધાન કરી બતાવ્યાં. પ્રસ્તુત કડી નીચે મુજબ છે:—

"સંવત્ સોલ નવાણુએ જી,
રાજનગરમાં સુગ્યાન
સાધિં સાખિં સંઘની જી,
અષ્ટ મહા અવધાન. ગુણ૦–૧૫"

**સંઘવી ધનજી સૂરાની પ્રશંસા**—ઉપર્યુક્ત અવધાન જોઈ ધનજી સૂરાએ યશોવિજયની પ્રશંસા કરતાં કહ્યું કે એઓ બીજા હેમચન્દ્ર થશે. એ ધનજીએ યશોવિજયના અભ્યાસ માટે રજતના (રૂપાના) બે હજાર દીનાર ખરચવા ઇચ્છા દર્શાવી હતી અને એ પ્રમાણે કાશી હુંડી મોકલી હતી.

સૂરા એ અમદાવાદના ઓસવાળ સંઘવી થાય. એમને રતન નામે એક ભાઇ હતા. એ બે ભાઇઓ વિ. સં. ૧૬૭૪ પહેલાં વિદ્યમાન હતા. એમણે વિ.સં. ૧૬૮૭ના દુકાળ વખતે દાનશાળા ખોલી હતી અને અશાઢ સંઘ કાઢ્યા હતા. એ સૂરાના પુત્ર તે 'ધનજી' અને રતનના પુત્ર તે 'પનજી'. એ ધનજીએ અને પનજીએ સમેતશિખરનો સંઘ કાઢી એક લાખ અને એંસી હજાર ખર્ચી 'સંઘવી'ની પદવી મેળવી હતી.

એ ધનજી સૂરાએ, વિજયદેવસૂરિ સાથે વિજયપ્રભસૂરિ વિ. સં. ૧૭૧૧માં રાજનગર પધાર્યા ત્યારે વિજયપ્રભસૂરિનો ગણાનુજ્ઞાનો નન્દિ–મહોત્સવ ૮૦૦૦ મહામુંદ્રિક ખરચીને કર્યો હતો.

---

૧. જુઓ મારું **જૈન હસ્તલિખિત પ્રતિઓનું વર્ણનાત્મક સૂચીપત્ર** (*DCGCM Vol. XVII*, *pt*, I, *pp. 201-202*)

૨. જુઓ ઉપર્યુક્ત પુસ્તક (*Vol XVII, pt. 4, p. 100*)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ્વાગત-સમારંભ**—યશોવિજયગણિ કાશીમાં અભ્યાસ કરી [1]અમદાવાદ આવ્યા ત્યારે ત્યાંનાં નરનારીઓએ એમનો ભવ્ય સત્કાર કર્યો હતો. આનું કેટલુંક વર્ણન **સુજસવેલીભાસ**( ઢાલ ૩)ના પ્રારંભમાં કરાયું છે.

**નાગપુરીય સરાહ**—યશોવિજય અમદાવાદમાં નાગપુરીય સરાહમાં ઊતર્યા હતા એમ **સુ. ભા.** (ઢા. ૩, કડી ૪)માં કહ્યું છે. આ સરાહ અમદાવાદની રતનપોળને નાકે આવેલી છે અને એને આજે લોકો "નાગોરી સરાઈ" કહે છે. આ મકાનની પ્રતિકૃતિ પ્રસિદ્ધ થવી ઘટે. વિશેષમાં આ સરાઈનું નામ "યશોવિજય સરાઇ" જેવું રખાશે અને યશોવિજયગણિના સ્મારક તરીકે આ મકાન સચવાઇ રહે એ માટે યોગ્ય પ્રબંધ અમદાવાદ-શ્રીસંઘ તરફથી કરાશે તો મારા જેવાને આનંદ થશે.

**અરાઢ અવધાન અને મહોબ્બતખાન**—યશોવિજયની કીર્તિ ફેલાઈ અને (રાજનગરની) રાજસભામાં ગૂર્જરપતિ (સૂબા) મહોબતખાને એ સાંભળી એથી એ સૂબાએ એમને બોલાવ્યા અને એમની વિજ્ઞપ્તિથી યશોવિજયે અરાઢ અવધાન કરી બતાવ્યાં. મહોબતખાન રાજી થયો અને વાજતેગાજતે યશોવિજય સ્વસ્થાને આવ્યા.[2]

મોગલ બાદશાહ **ઔરંગઝેબે** મહોબતખાનને ઈ.સ. ૧૬૬૨માં ગુજરાતનો સૂબો નીમ્યો હતો અને એ પદ ઉપર ઇ. સ. ૧૬૬૮ સુધી કાયમ રહ્યો એમ **બોમ્બે ગેઝેટિયર**( ખંડ ૧, ભા. ૧)માં ઉલ્લેખ હોવાનું મો. દ. દેસાઇએ કહ્યું છે.

**(વીસ)સ્થાનક તપ**—યશોવિજયે રાજનગરમાં (વીસ)સ્થાનક તપ કર્યું [3]હતું.

૧. સુ૦ભા૦ (ઢાલ ૨, કડી ૧૧)માં "અહમદાવાદ" એવો ઉલ્લેખ છે.

૨. જુઓ સુ. ભા. ( ઢાલ ૩, કડી ૬ ).

૩. એજન, ( ઢાલ ૩, કડી ૧૦ ).

**'ઉપાધ્યાય' પદવી**—વિજયપ્રભસૂરિએ [4]અમદાવાદના સંઘની વિજ્ઞપ્તિ અનુસાર યશોવિજયને વિ. સં. ૧૭૧૮માં 'ઉપાધ્યાય' પદવી આપી [5]હતી.

**ઇંદલપુરમાં ચાતુર્માસ અને હુંડીનું સ્તવન**—યશોવિજય ગણિએ દોઢસો ગાથાનું મહાવીરસ્વામીની સ્તુતિરૂપ હુંડીનું સ્તવન વિ. સં. ૧૭૩૩માં ઇંદલપુરના ચાતુર્માસ દરમ્યાન રચ્યું છે એમ એ સ્તવનની સાતમી (અંતિમ) ઢાલમાં કહ્યું છે. આ 'ઈંદલપુર' તે અમદાવાદનું પરું છે એમ પદ્મવિજયે આ સ્તવનના વિ. સં. ૧૮૪૯માં રચેલા **બાલાવબોધમાં** કહ્યું છે. આજે આ નામનું કોઇ પરું હોય એમ જણાતું નથી તો વિ. સં. ૧૭૩૩ અને તે કરતાં થોડાંક વર્ષ પહેલાં આ પરું અમદાવાદની અંદરનો કે એની આસપાસનો કોઇ ભાગ હશે કે કેમ તેનો તેમજ જો એ અમદાવાદની બહાર હોય તો એ એનાથી કેટલું દૂર હશે તેની તપાસ થાય એ હિસાબે મેં "અમદાવાદના ઇતિહાસજ્ઞોને : ઈંદલપુર એટલે" નામનો લેખ લખ્યો હતો. એ "જૈન સત્ય પ્રકાશ"( વર્ષ ૨૨, અં. ૮)માં છપાયો છે, પણ હજી સુધી તો કોઈ તરફથી મને કશો ઉત્તર મળ્યો નથી.[6]

૪. એજન ( ઢાલ ૩, કડી ૯ ).

૫. એજન ( ઢાલ ૩, કડી ૧૨ ).

૬ આ દરમ્યાન રત્નમણિરાવ ભીમરાવે રચેલા પુસ્તક નામે **ગૂજરાતનું પાટનગર અમદાવાદ** જોઈ જતાં એમ જાણવા મળ્યું છે કે **વિજયસિંહસૂરિ નિર્વાણરાસમાં** નીચે મુજબની પંક્તિમાં ઇદલપુરનો ઉલ્લેખ છે :—

"રાજપુર ઈલમપુર સુંદરૂ નિજામપુર હોઈ રે
ઉસમાપુર સરખેજ ભલો શેખપુર ઈંદલપુર જાણુ રે"
—પૃ. ૨૨૮, સિ

"અદલ ઈંદલપુરા શેખપુર સુખકરા"
પૃ. ૨૧૨. ટિ.

આ ઉપરથી એમ લાગે છે કે ઈદલપુર નામ સાચું નથી, પણ "ઈંદલપુર" નામ ખરું છે. જો એમ જ હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**'રાજનગર'મંડન મહાવીરસ્વામીનાં ત્રણ સ્તવનો**—યશોવિજય ગણિએ રાજનગરના અર્થાત્ અમદાવાદના મંડનરૂપ મહાવીરસ્વામીને અંગે ત્રણ સ્તવનો રચ્યાં છે. પહેલા સ્તવનમાં મહાવીરસ્વામીને 'રાજનગરના શણગાર' બીજામાં 'રાજનયર વરભૂષણ' અને ત્રીજામાં "રાજનગરનો રાજિઓ" કહ્યા છે. આ ત્રણે સ્તવનો **ગૂર્જર સાહિત્યસંગ્રહ** (ભા. ૧, પૃ. ૧૦૫–૧૧૧)માં છપાયાં છે. આ ત્રણે સ્તવનો વિ. સં. ૧૭૪૫ કરતાં પહેલાની મહાવીરસ્વામીની પ્રતિમાને ઉદ્દેશીને હોવાં જોઇએ, કેમકે વિ. સં. ૧૭૪૩થી ૧૭૪૫ના ગાળામાં તો યશોવિજયગણિ સ્વર્ગે સિધાવ્યા છે. અમદાવાદમાં મહાવીરસ્વામીનાં જે જૂનાં દહેરાસરો હોય તેમાંના એકમાં આ પ્રતિમા હશે ત્રણ જુદાં જુદાં દહેરાસરની મહાવીરસ્વામીની ભિન્ન ભિન્ન પ્રતિમાને ઉદ્દેશીને સ્તવનો રચાયાં હોય એવો સંભવ બહુ ઓછો છે. ગમે તેમ પણ જો કોઇ અમદાવાદના સંશોધનપ્રિય વતની આ માટે યોગ્ય તપાસ કરી સાચો પ્રકાશ પાડશે તો આનંદ થશે અને યશોવિજય ગણિને અંગેના વિવિધ કોયડાઓમાંના એકનો ઉકેલ થઈ જશે કે જે જેવો તેવો લાભ ન ગણાય.

---

તો આ સંબંધમાં ઉપર્યુક્ત પુસ્તક( પૃ. ૨૨૫ )માંનું નીચે મુજબનું અટકળરૂપ લખાણ વિચારવું ઘટે :—

"**એદલપુર.** આ પરું એલીસબ્રીજ પાસે હશે. જૂની વસ્તી અને પઠાણોએ વસાવ્યું હશે એમ અહમદી લખે છે. અહમદીની અંગ્રેજી આવૃત્તિમાં અબ્દુલપુર લખ્યું છે એ ભૂલ જણાય છે. જૈન કાવ્યમાં ઇદલપુર છે તે એ જ હોવું જોઇએ."

"એદલપુર" ઉપરના ટિપ્પણમાં એવી નોંધ છે કે શ્રી અદ્દલ ઈદલપુરા એ આ જ પરું હશે, કારણ કે બીજું ઇદલ કે એદલપુર છે નહિં."

★

न चोरहार्यं न च राजहार्यं
न भ्रातृभाज्यं न च भारकारी।
व्ययं कृते वर्धत एव नित्यं
विद्याधनं सर्वधनप्रधानम् ॥

( છપ્પા )

ચોરી શકે ન ચોર, ન લૂંટી શકે કો રાય,
ભાઇ ન માગે ભાગ, ન અંગે ભાર જણાય;
ગુપ્તપણે દિનરાત રહે સંગે જ સહાય,
આપી સુખ અનુપ પ્રદેશે કરે સહાય;
વળી વાપરતાં વધતું નિત્યે વિદ્યાધન ઉત્તમ અતિ,
ઉદ્યોગ, ખંત, ઉલ્લાસથી સંગ્રહજો સૌ સુમતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આબૂતીર્થ

લેખક પ. પૂ. મુનિરાજશ્રી દર્શનવિજયજી (ત્રિપુટી)

( ગત વર્ષના ૧૩૬ પૃષ્ઠથી શરૂ )

## ૨–લૂણિગવસહિ

શેઠ આશરાજ પોરવાડને ૪ પુત્રો અને ૭ પુત્રીઓ હતા, તેઓમાં વસ્તુપાલ અને તેજપાલ એ ગુજરાતના ઐતિહાસિક મહામાત્યો છે, ગુજરાતી સંસ્કૃતિના સૂત્રધારો છે.

તેઓનો મોટો ભાઈ લૂણિગ યુવાનીમાં મરણ પામ્યો, તેણે મરણસમયે ભાઈઓના આગ્રહથી મનની વાત જાહેર કરી કે મને આબૂતીર્થમાં એક દેરી બનાવવાની તીવ્ર ઈચ્છા હતી, પણ મારા નસીબમાં એ લાભ લેવાનું નહીં હોય? પણ જો બની શકે તો તમો એ લાભ જરૂર જરૂર લેજો.

વસ્તુપાલ અને તેજપાલ સં. ૧૨૭૬માં મહામાત્ય બન્યા. તેઓના દિલમાં મોટા ભાઈ લૂણિગે વાવેલ ભાવનાના બીજમાંથી ઘટાદાર કલ્પવૃક્ષ બની ચૂક્યું હતું. તેઓએ રાજા ભીમદેવ અને રાજા સોમસિંહ પરમારની આજ્ઞા મેળવી આબૂ ઉપર દેલવાડામાં વિમલવસહિ પાસેના ભૂભાગમાં **લૂણિગવસહિ** નામે વિશાળ જિનપ્રાસાદ સ્થાપ્યો.

તેમાં વિમલવસહિના ધોરણે મોટું દેરાસર, નાનું શિખર, ભમતીમાં ૪૮ દેરીઓ, છતમાં આરસનું કોરણીશિલ્પ, હસ્તિશાલા, હસ્તિશાલામાં હાથીઓ, હાથીઓની પાસેનો દીવાલના આરસમાં આ. વિજયસેનસૂરિ, આ. ઉદયપ્રભસૂરિ અને પોતાના પૂર્વજોની મૂર્તિઓ વગેરેનો ગોઠવણી કરી છે.

વિમલવસહિમાં જે જે ઘટનાઓ કોતરી છે તે તે અહીં પણ આરસમાં ઉતારી છે. આ ઉપરાંત ભ. નેમિનાથજી તથા કૃષ્ણ વાસુદેવના જીવનની વિશેષ ઘટનાઓ પણ દાખલ કરી છે.

દેરાસર માટેના પથ્થર વગેરે ઓરિયા તરફને રસ્તે ઉપર ચડાવ્યા હતા. દરેક કોશ પર પાણી, ભોજન અને દુકાનોની વ્યવસ્થા રાખી હતી. એથી મજૂરોને પૂરી અનુકૂલતા રહેતી હતી. દેરાસરનું કામ થયા બાદ શત્રુઓ પણ આ રસ્તેથી ચડી ન આવે એ અગમચેતી દાખવી આ રસ્તાને સદંતર બંધ કરી દીધો છે, પહાડી વિભાગને વિષમ બનાવી દીધો છે. આબૂમાં ઠંડી ઘણી રહે છે. કારીગરોને એ ઠંડી ન નડે તે માટે સગડીઓની પાકી વ્યવસ્થા હતી. પાસે આગ તપતી રહે અને કારીગર તેની હૂંફમાં મસ્ત રહી આરસને કંડારે.

મંત્રીઓએ દેરાસરને સર્વાંગસુંદર બનાવવા માટે કલાધરોને ઉત્તરોત્તર ચાર વાર સક્રિય પ્રોત્સાહન આપ્યું છે. દેરાસર પૂરું બની રહ્યું, ભાવવાહી કોરણી તૈયાર બની એટલે બીજીવાર તેમાં નવી કોરણી કરનારને કોરણી કરતા નીકળેલા ચૂરાની બરાબર ચાંદી આપી, ત્રીજીવાર કોરણીના ચૂરાની ભારોભાર સોનું અને ચોથાવાર મોતીઓ આપી આ ભાસ્કર્યકળાને છેલ્લી ટોચે પહોંચાડી છે.

મંત્રીઓ રાજકાર્યમાંથી ફુરસદ મેળવી શકે તેમ હતું જ નહીં. તેઓ અવારનવાર આવી તપાસ કરી યોગ્ય સલાહ–સૂચના આપતા હતા; બાકી આ કામની સંપૂર્ણ જવાબદારી મંત્રી તેજપાલની પત્ની **અનુપમાદેવીને** શિર હતી. મહં. અનુપમાદેવીએ પોતાના ભાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદ્દલને સાથે રાખી આ જવાબદારીને ઘણી સફલતા-પૂર્વક પાર પહોંચાડી છે.

આ લૂણિગવસહિ તે મોટા ભાઈ લૂણિગ, મહં૦ અનુપમા દેવી અને તેના પુત્ર લુણસિંહના શ્રેય માટે બનાવી છે અને તેમાં બે ગોખલા તેજપાલની બીજી પત્ની સુહડ દેવીનાં શ્રેય માટે બનાવ્યા છે, જે પણ અદ્‌ભૂત ભાસ્કર્ય કલાના નમૂના છે.

મંત્રીઓએ નાગેન્દ્ર ગચ્છના આ. **વિજયસેનસૂરિ**-ના હાથે સં. ૧૨૮૭ ફા, વ. ૩ (હિંદી ચૈ. વ. ૩) રવિવારે લૂણિગવસહિમાં ભ. **નેમિનાથજી** વગેરે પ્રતિમાઓની મોટા મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી છે.

આ ઉત્સવમાં આબૂનો રાજા **સોમસિંહ પરમાર**, અમલદારો, પંચ, ચાર મહાધરો, ૧૨ માંડલિકો, ૮૪ રાણા, ૮૪ જ્ઞાતિના મહાજનો અને દૂર દૂરના જૈનો જૈનેતરો વગેરે આવ્યા હતા. સૌએ એક અવાજે લૂણિગવસહિની પ્રશંસા કરી.

જાલોરના દિવાન **યશોવીરે** મંત્રી વસ્તુપાલના આગ્રહથી અહીં આવી જિનપ્રાસાદ તપાસી મીસ્ત્રી **શોભનની** પ્રશંસા કરી. અને સાથોસાથ જેના પરિણામે મંત્રી કુટુંબને કે લૂણિગવસહિને નુકસાન થાય એવી નાની મોટી ભૂલો કરી હતી તે મીસ્ત્રીને વિગતવાર સમજાવી, આવા ધર્મસ્થાન વસાવવા માટે મંત્રી તેજપાલની અત્યંત પ્રશંસા કરી હતી.+

મંત્રીઓએ એ જ ઉત્સવમાં રાજા પ્રજા જૈન અજૈનોની હાજરીમાં પોતાના કુટુંબની તથા **ચંદ્રાવતીના** જૈન સંઘની અમુક વ્યક્તિઓની વ્યવસ્થા સમિતિ બનાવી આ લૂણિગવસહિનો વહિવટ સોંપ્યો. અને એ પણ નક્કી કરવામાં આવ્યું કે–દેલવાડાનો સંઘ લૂણિગવસહિની સારસંભાળ રાખે અને ચંદ્રાવતી, ઉમરણી, કિસરઉલિ, કાસહ્રદ, વરમાણ, ધઉલી, મહાતીર્થ **મુંગસ્થલ, હંડાઉદ્રા, ડબાણી,** મડાહડ તથા સાહિલવાડાનો જૈન સંઘ દરસાલ પ્રતિષ્ઠાની સાલગિરિ ઉપર આવી એકેક દિવસ વહેંચી અઠ્ઠાઈ મહોત્સવ કરે.

રાજા સોમસિંહ પરમારે ભગવાનની પૂજા માટે **ડબાણી** ગામ ભેટ આપ્યું અને વિમલવસહિ તથા લૂણિગવસહિને કરમુક્ત જાહેર કર્યા. આ રીતે તીર્થની રક્ષાનો પ્રબંધ કરવામાં આવ્યો.

લૂણિગવસહિનો સં. ૧૨૭૭માં પ્રારંભ, ૧૨૮૭માં પ્રતિષ્ઠા, સં. ૧૨૮૭ થી ૯૩ સુધીમાં દેરીઓની પ્રતિષ્ઠા અને સં. ૧૨૯૭માં પ્રસિદ્ધ ગોખલાની પ્રતિષ્ઠા થએલ છે. લૂણિગવસહિના નિર્માણ અને ઉત્સવમાં ૧૨,૫૩૦૦૦૦૦ દ્રવ્ય ખરચાયું છે.

લૂણિગવસહિ ભાસ્કર્ય કળાનું ઘર છે. વિમલવસહિની કોટિનું બીજું મંદિર છે. પ્રેક્ષકો, સ્થાપત્ય-રસિકો, ચિત્રકારો અને કલાધરો તેને ફરી ફરીવાર જુએ તો પણ ધરાતા નથી.

લૂણિગવસહિના જીર્ણોદ્ધાર ઘણા થયા છે.

અલ્લાવદીન ખીલજીએ સં. ૧૩૬૮માં જાલોરથી આબૂ આવી વિમલવસહિ તથા લૂણિગવસહિના મંદિરો તોડ્યાં, જિનપ્રતિમાઓને ખંડિત કરી, ઘણી કોરણીઓનો વિનાશ કર્યો અને હસ્તિશાલાના હાથીઓને પણ ખંડિત કર્યા હતા.

આથી ચંડસિંહ પોરવાડના પુત્ર સં. પેથડશાહે ૧૩૭૮માં ઘણું સમારકામ કરાવ્યું. અને મોટા મંદિરનો પુરો જીર્ણોદ્ધાર કરી ભ. નેમિનાથજીની નવી પ્રતિષ્ઠા કરાવી છે.

બેણપ બંદરના શેઠ જગદેવના પુત્ર **સોમચંદ** તથા **ગુણભદ્ર** વિજાપુર જઈ વસ્યા હતા. તેઓએ પણ લૂણિગવસહિના આ જીર્ણોદ્ધારમાં મોટો સહયોગ આપ્યો છે.*

---

+ રાજપુરોહિત સોમેશ્વર કવિએ મંત્રી વસ્તુપાલ તથા મંત્રી યશોવીરને સરસ્વતીના પુત્રો તરીકે ઓળખાવ્યા છે.

* બેણપ બંદરના શેઠ જગદેવ રાન સાથે જગાતનો ઝઘડો પડવાથી ૧૮ લાખ દ્રવ્ય ખરચી બંદરનો ૭ ગાઉનો કિનારો પથ્થર તથા કચરો ભરી પુરાવી દીધો. એટલે ત્યારથી બેણપનું બંદર બંધ પડયું. વ્યાપારી વહાણો આવતા બંધ થયાં, નગર પણ ઉજ્જડ થવા લાગ્યું અને સ્થાનિક વ્યાપારીઓ પણ બેણપ છોડી ચાલ્યા ગયા. આ સમયે શેઠ જગદેવના પુત્રો **સોમચંદ્ર** અને ગુણભદ્ર વિજાપુર જઈ વસ્યા હતા. તેઓએ **લૂણિગવસહિનો જીર્ણોદ્ધાર** કરાવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# યુગચેતનાની ઝાલરી

શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

આપણા સમાજમાં આજ પણ અનેક પ્રકારનો દાનપ્રવાહ વહી રહ્યો છે...અને આ દાનપ્રવાહ અસ્ખલિત વહેતો હોવા છતાં જૈનોની એક ઉદાસીન વૃત્તિ ભારે અમંગળ ભાવીના એંધાણ દર્શાવી રહી હોય એમ લાગે છે.

આજે આપણા બાળકોને જે સાંસારિક જ્ઞાન અપાય છે તે એટલું રેઢિયાળ અને વિચિત્ર છે કે એ જ્ઞાન–કેળવણી પામ્યા પછી એનામાં જૈનત્વનાં આદર્શો ભાગ્યે જ દેખાય છે. આજની કેળવણી માત્ર ઉદર-પોષણ આપવા જેટલી પણ સમર્થ રહી નથી, કારણ કે ભણેલા બેકારોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય અને સાથોસાથ સંસ્કારવિહીન પ્રજાનું વિચિત્ર ઘડતર પણ થતું જાય છે.

આ પ્રશ્ન પરત્વે જૈનો ઉદાસીન રહ્યા કરશે અને પોતાના દાનપ્રવાહના પરિણામ સામે દૃષ્ટિ અથવા વિવેક નહિ રાખે તો વધારે નહિ પણ કેવળ બે દાયકા પછી સાચો જૈન શોધવા માટે પ્રયત્ન કરવો પડશે અર્થાત્ નામના જૈનો સિવાય ભાગ્યે જ કોઇ દેખાતા હશે.

આપણે કેટલીક તપની, જ્ઞાનની કે દર્શનની ક્રિયાઓ પાછળ પુષ્કળ દાન કરીએ છીએ અને ઘણી વાર એમ પણ લાગે છે કે દાનના આ પ્રવાહ વચ્ચે

---

અમદાવાદની આણંદજી કલ્યાણજીની જૈન પેઢી તરફથી સં. ... થી લુણિગવસહિનો છેલ્લો જીર્ણોદ્ધાર ચાલુ છે:

લુણિગવસહિમાં ઘણી જિનપ્રતિમાઓ વિરાજમાન છે. નાગેંદ્રગચ્છના આ. વિજયસેનસૂરિ, આ. ઉદયપ્રભસૂરિની મૂર્તિઓ છે. મંત્રીના પૂર્વજોની મૂર્તિઓ છે. આરાસરણના આસપાલ પોરવાડે સં. ૧૩૩૮માં ૧૯મી દેરીમાં અશ્વાવબોધ **સમલીવિહાર**નો પટ્ટ સ્થાપ્યો છે. ગૂઢમંડપમાં સં. ૧૫૧૫ની સતી **રાજેમતીની** કલાપૂર્ણ પ્રતિમા છે અને છતમાં સુંદર કોરણી ભારકર્ય છે. સ્થાને સ્થાને ઐતિહાસિક શિલાલેખો પણ લાગેલા છે.+

**ઉજ્જયંતાવતાર**–લૂણિગવસહિના મોટા દરવાજા પાસે ઉત્તર તરફ નાનો દરવાજો છે. ત્યાં આગળ જતાં ઊંચા ભાગ પર ગિરનાર તીર્થની ૪ ટૂંકોની સ્થાપનાની ચાર દેરીઓ છે. (ચાલુ)

ભમતીની ૧૦મી દેરીની બહાર ડાબી તરફમાં **કલ્યાણકપટ્ટ** છે. જેને વડગચ્છની સંવિજ્ઞવિહારી શાખાના આ. **વર્ધમાનસૂરિ**ની પરંપરાના આ. **નેમિચંદ્ર** શિષ્ય પં. **જયાનન્દ**ગણીએ સં. ૧૨૦૧માં ગદ્યપદ્ય પ્રાકૃતમાં તૈયાર કરી દાખલ કરાવ્યો છે. તેમાં અરસપરસ ૨૪ તીર્થંકરોનાં ૧૨૦ કલ્યાણક, દેહવર્ણ, દીક્ષાતપ, કેવલિતપ, નિર્વાણતપ અને દેહમાન ખોદેલા છે. તેમાં ભગવાન મહાવીરસ્વામીનાં પાંચ કલ્યાણક બતાવ્યાં છે.

આ પટ્ટથી અચૂક રીતે સિદ્ધ થાય છે કે–ત્યાં સુધી સમસ્ત જૈન સંઘ વડગચ્છ અને આ. વર્ધમાનસૂરિના મુનિઓ ભગવાન મહાવીરસ્વામીનાં શાસ્ત્રોક્ત પાંચ કલ્યાણકો માનતા હતા.

---

+ વિમલવસહિમાં વિક્રમની બીજી શતાબ્દીના ઐતિહાસિક ઘણા શિલાલેખો છે, પ્રતિમાલેખો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો વિવેકદૃષ્ટિનો યોગ હોય અને આવતી કાલના જૈનોના હૃદયમાં સંસ્કાર તથા જૈનત્વ રેડવાની ભાવનાનો એકાદ ધબકાર હોય તો કેટલું ઉત્તમ !

પણ એમ બનતું નથી.

ખર્ચ કરીએ છીએ. આપણા સમાજમાં એની વાહ વાહ પણ થતી હોય છે અર્થાત્ અનુમોદના પણ મળતી હોય છે, પરંતુ આવતી કાલની પેઢીનો પાયો મજબૂત કરવાની કોઇ શકયતા એમાં દેખાતી નથી. જે કંઇ થાય છે તે કેવળ આજની દૃષ્ટિએ થતું હોય તેમ લાગે છે.

દાખલા તરીકે મોટા મોટા શહેરો કે મધ્યમ નગરોમાં જૈનોની સારી એવી વસ્તી હોવા છતાં એના બાળકોને ધાર્મિક શિક્ષણ મળી શકે, સદાચાર અને સંસ્કારનો વારસો મળી શકે એવી પ્રવૃત્તિ અતિ મંદ હોય છે અથવા તો રસહીન બની ગયેલી હોય છે. એક શહેરમાં પાંચથી દસ હજાર જૈન પરિવારો રહેતા હોય છે ત્યારે ત્યાં ચાલતી એકાદ જૈનશાળામાં ભાગ્યે જ બસ્સો બાલક બાલિકાઓ જતાં હોય છે અને તે પણ ઉમંગથી નહીં...પરાણે.

આમ શા માટે ?

જો આપણે આપણા બાળકોને જૈનત્વના પાયા પૂરતું યે શિક્ષણ નહીં આપી શકીએ તો આજની ભંગાર કેળવણીથી વિકૃત બનીને આવતી કાલે તેઓ પોતાને કયા ગર્વથી જૈન તરીકે ઓળખાવી શકશે ?

આપણે લાખો રૂપિયા પ્રતિવર્ષ ખર્ચીએ છીએ... અનેક પ્રકારના ઉત્સવ મહોત્સવ રચીને પુણ્યોપાર્જન કરીએ છીએ. પણ આવતીકાલની પેઢીને ઘડવાનું એમાંથી બની શકે છે કે નહીં ! એ પ્રશ્નનો વિચાર નથી આપણે કરતા, નથી આપણા આગેવાનો કરતા કે નથી આપણા પૂજ્ય મુનિમહારાજાઓ કરતા.

ખર્ચ કરવાની ભાવના છે, શક્તિ છે અને આવા ધાર્મિક કાર્યોમાં વપરાતી લક્ષ્મી સુયોગ્ય માર્ગે જાય છે એવો વિશ્વાસ પણ છે. આમ છતાં દૃષ્ટિનો અભાવ આપણા હાથે થતા અનેકવિધ ખર્ચનાં પરિણામો વિચારી શકતો નથી.

એક પારિવારિક જીવનમાં થતા નાના મોટા તમામ પ્રકારના ખર્ચનું પરિણામ જોવામાં આવે છે, પૃથક્કરણ કરવામાં આવે છે અને જો કોઇ નકામો ખર્ચ થયો હોય તો તેવો ખર્ચ ફરી ન થાય એની ચિંતા અને કાળજી રાખવામાં પણ આવે છે.

કુટુંબજીવનમાં આ પ્રકારની જો કાળજી સ્વાભાવિક હોય તો જૈનસમાજ એ કંઇ કુટુંબથી પર વસ્તુ નથી. એ તો મહાપરિવાર છે. આવાં મહાપરિવારમાં જો તેના મોવડીઓ જાગૃત ન રહે તો એ મહાપરિવારનું પરિણામ શું આવે ?

જેમ કુટુંબમાં જાગૃતિનો અભાવ હોય અને પરિણામે કલહ જન્મે છે, અવિભક્તમાંથી વિભક્ત ભાવ ઊભો થાય છે તેમ આપણા મહાપરિવારમાં પણ જો જાગૃતિનો અભાવ હોય અર્થાત્ વિવેકદૃષ્ટિનો ઉપયોગ ન થતો હોય તો એના પરિણામો છિન્નભિન્નતામાં જ આવે, જે આજે આપણે એક આગાહીસ્વરૂપે નિહાળી રહ્યા છીએ.

નાના નાના સાવ ક્ષુદ્ર ગણાતા અને જેમાં ધાર્મિક દૃષ્ટિએ પણ કશું તથ્ય ન હોય એના ઝઘડાઓ પાછળ આજે આપણી શક્તિ કેટલી છિન્નભિન્ન થઇ રહી છે ?

સમગ્ર વિશ્વમાં આજે પણ ત્યાગના માપદંડવડે માપવામાં આવે તો શ્રમણ સંસ્કૃતિના વાહક ગણાતા આપણા પૂજ્ય મુનિમહારાજાઓ સર્વોચ્ચ કક્ષામાં આવી શકે છે. તેઓની પાસે જ્ઞાન છે, શક્તિ છે, સમય છે, ત્યાગ છે, તપ છે અને જૈન સમાજના શું, સમગ્ર વિશ્વના જીવોના કલ્યાણનો એક આદર્શ પણ છે. 'સવિ જીવ કરું શાસનરસી' જેવો ઉદાત્ત આદર્શ આપણા મુનિવરોના મસ્તક પર દિવ્ય મણિની માફક ઝળહળી રહ્યો છે. પરિગ્રહની દૃષ્ટિએ વિચાર કરીએ તો જૈન શ્રમણો સર્વથા અનોખા તરી શકે એમ છે. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે દરેક દૃષ્ટિએ તેઓ સર્વોચ્ચ હોવા છતાં આજે નાના નાના અને સાવ નિર્માલ્ય કલહોનાં કારણે તેઓની એકતા અને શક્તિ કેટલાં વેડફાઈ રહેલ છે!

આમ શા માટે?

એનો એક જ જવાબ છે... આપણી પાસે બધું છે... માત્ર વિવેકદૃષ્ટિ નથી.

અને એથી જ આજે આવતી કાલની જૈન પેઢીની ઈમારત સંસ્કાર અને સદાચારવિહોણી સર્જાઈ રહી છે.

જો આપણે સવેળા નહિં ચેતીએ તો મેં અગાઉ કહ્યું તેમ જૈન સમાજમાંથી સાચો જૈન શોધવો ભારે કઠણ થઈ પડશે.

અને સાચા જૈનો ઉત્પન્ન કરી શકાય છે... માત્ર જન્મે જૈન હોય એથી કશું વળવાનું નથી. સાચા જૈનો કરવા માટે શું કરવું જોઇએ? એ એક મહત્ત્વનો સવાલ આપણી સામે ઊભો છે.

આ સવાલની સાચી જવાબદારી ખરી રીતે શ્રાવક શ્રાવિકા પર છે એમ નથી પણ સાધુ સાધ્વી પર પણ તેટલી જ છે; બલ્કે વધુ પ્રમાણમાં છે.

અને આ સવાલનો ઉકેલ લાવવા માટે ભાષણો, ઠરાવો, ચર્ચાઓ કે સંમેલનોની કોઇ જરૂર નથી. એ તો ભૂતકાળમાં ઘણા થઈ ગયાં છે. જરૂર છે નિષ્ઠાપૂર્વક કામ કરવાની...કર્તવ્યને પ્રથમ સ્થાન આપીને અહાલેક જગાડવાની.

વાતો ઘણી થઇ ગઇ છે. એટલી બધી થઇ ગઇ છે કે આપણો સમાજ આજે વાતોથી ટાઇ ગયો છે...વાતોથી રૂંધાઇ ચૂકયો છે!

એક પણ જૈન બાળક જૈનત્વના આદર્શથી અજાણ ન હોવું જોઈએ એવી દૃઢ ભાવના જ્યાં સુધી આપણામાં નહિ પ્રગટે ત્યાં સુધી વાતોના ઢગલાઓ થયા જ કરશે અને સમાજ એ ઢગલાઓ તળે ચગદાયા કરશે.

અને આપણા બાળકોમાં જૈનત્વની કોઇ ખુમારી નહીં હોય અને જૈન દર્શનના પાયાના જ્ઞાનના સંસ્કાર નહીં હોય તો બે દશકા પછી ધર્મનો પ્રકાશ આપણા જ હાથે અસ્ત થયો ગણાશે.

સાચા જૈનો હશે તો જીવદયા ટકી શકશે.

સાચા જૈનો હશે તો સાધુ-સંસ્થા જીવી શકશે.

સાચા જૈનો હશે તો આપણા મંદિરો ઝળહળતાં રહેશે.

સાચા જૈનો હશે તો અહિંસા અને અપરિગ્રહ, ત્યાગ અને તપ પોતાનું સ્થાન અડોલ રાખી શકશે.

પણ મુશ્કેલી છે કે 'આજ'ની પાછળ આપણે એટલા પાગલ બની ગયા છીએ કે આવતી કાલની કોઈ ચિંતા કરતા નથી.

પરિણામ ખતરનાક આવે તે પહેલાં વિવેકદૃષ્ટિને જાગૃત કરવી જ પડશે...

ઝઘડાઓ દફનાવીને, નાના મોટા ક્ષુદ્ર પ્રશ્નોને પાતાળમાં ચાંપી દઈને અને એકતાના અમૃત કુંભની સ્થાપના કરીને આવતીકાલની જૈન પેઢીની ઈમારત મજબૂત બનાવવા ખાતર કટિબદ્ધ થવું જ પડશે... થવું જ પડશે.

યુગચેતનાની ઝાલરીનો આ નાદ જો આપણે નહિં સાંભળીએ તો?

એનો જવાબ અતિ કરુણ હશે...અતિ વેદનાભર્યો હશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમદ્ દેવચંદ્રજીકૃત નમિ વિહરમાન જિન સ્તવન–સાર્થ

સં. ડૉકટર વલ્લભદાસ નેણસીભાઇ—મોરબી

નમિ નમી, નમિ નમી વિનવું,
સ્વામી સુગુણ જિણંદનાથ રે;
જ્ઞેય સકલ જાણુંગ તુમે,
પ્રભુજી જ્ઞાન દિણંદ નાથ રે. (૧)

ભાવાર્થ:–વિનયથી, નમ્રતાથી, ભક્તિભાવથી, હે નમિનાથ, હે સ્વામી, પરમાર્થ–માર્ગપોષક એવા શ્રેષ્ઠ ગુણોવાળા જિનેશ્વર દેવ ! હું આપને નમ્રભાવે વિનંતિ કરું છું, કારણ કે આપ જ્ઞાનરૂપી સૂર્યવડે કરીને સર્વ જ્ઞેય (જાણવા યોગ્ય) પદાર્થોના જ્ઞાતા છો, (સ્વપરપ્રકાશક છો) જેથી અબંધક છો, જે કર્તા હોય તે જ પરવસ્તુ પર અહંભાવ લાવીને બંધાય છે. પણ જે જ્ઞાતા–દ્રષ્ટા હોય તે અહંકારથી મુક્ત થઇને આત્મોપયોગપૂર્વક સમ પરિણામે જ્ઞેયને વેદીને બંધન-મુક્ત થાય છે.

વર્તમાન જે જીવની,
એવી પરિણુતિ કેમ નાથ રે ?
જાણું હેય વિભાવને,
પણ નવિ છૂટે પ્રેમ નાથ રે. (૨)

ભાવાર્થ:–હે નાથ, જ્યારે આપની અબંધકભાવે દ્રષ્ટાભાવની પરિણુતિ છે ત્યારે આ જીવની બંધન–ભાવવર્ધક કર્તા ભાવની પરિણુતિ કેમ થઇ છે ? પરભાવને હેય(ત્યાજ્ય)પણે જાણ્યા છતાં પરવસ્તુ તરફનું આકર્ષણ, રાગ અને આસક્તિ વિગેરે કેમ છૂટતાં નથી ?

આનો જવાબ તો એ છે કે, જેમ એક શેરીમાં ચોર ચોરી કરવા આવ્યો હોય, તેને એક કૂતરાએ જોયો અને ભસવા માંડયું, તેમનું ભસવું સાંભળી આસપાસ રહેલાં બીજાં કૂતરાં ભસવા માંડ્યાં; તેમનું સાચું નથી પણ દેખાદેખીથી થાય છે, તેમ સંસાર અસાર છે, એમ અનિત્ય છે, કષાયો રાગ–દ્વેષ–દુઃખદાયક છે, એમ એક જ્ઞાની મહાત્માએ અનુભવથી યથાર્થ જાણ્યું, જાણીને શાસ્ત્રમાં લખ્યું તેથી તેમનું કહેવું સાંભળીને આપણે કહેવા લાગ્યાં કે કષાય દુઃખદાયક છે પણ અંતરના જ્ઞાનપૂર્વક સમજ્યા નથી. જેથી કષાયો દુઃખદાયક છે એમ નિરંતર બોલ્યા કરીએ છીએ છતાં જરા પણ કષાયો મંદ કે ક્ષીણ થતા જ નથી...જેમ ઝેર ખાવાથી મરાય છે, અગ્નિને અડવાથી બળાય છે, સર્પને અડકવાથી કરડાય છે એ વાત સાંભળેલી છે છતાં એવી સુદ્દઢ થઇ ગઈ છે કે જરા પણ તેમાં શંકા કે વિકલ્પ થતાં જ નથી. તેનું નામ સાચું સમજ્યો એમ કહેવાય છે.

પરપરિણુતિ રસરંગતા,
પરગ્રાહકતા ભાવ નાથ રે;
પરકર્તા, પરભોક્તા,
શો થયો એહ સ્વભાવ નાથ રે ? (૩)

ભાવાર્થ:–હે નાથ, પરપરિણુતિમાં રસપણું, રંગ એટલે આનંદપણું, પરભાવનું ગ્રહણપણું, પરમાં કર્તાપણું, ભોક્તાપણું એ આદિ વિભાવદશાનો સ્વભાવ કેમ થઇ ગયો ? અનાદિકાળના અભ્યાસને લઇને વિભાવદશા થઈ જાય છે.

વિષય કષાય અશુદ્ધતા,
ન ઘટે એહ નિરાધાર નાથ રે;
તો પણ વાંછું તેહને,
કેમ તરીયે સંસાર નાથ રે. (૪)

ભાવાર્થ:–હે નાથ ! વિષય, કષાયતા અને અશુદ્ધતા એ આદિ અંતરદોષો આત્મામાં ઘટે જ નહી એમ નિર્ણય થયો છે, છતાં તેના તરફ આકર્ષણ, ચાહના અને આસક્તિ રહે છે તો સંસારથી કેમ તરાશે ?

મિથ્યાત્વ, અવિરતિ પ્રમુખને,
નિયમા જાણું દોષ નાથ રે,
નિંદું, ગહું, વળી વળી,
પણ ન પામે સંતોષ નાથ રે. (૫)

ભાવાર્થ:–મિથ્યાત્વ, અવિરતિ, કષાયાદિને નિયમ. દોષરૂપે જાણું છું જેથી તેને નિંદું છું, ગહું છું, વારંવાર ગહું છું, છતાં મન સંતોષ પામતું નથી.

અંતરંગ પરરમણુતા,
ટળશે કેસે ઉપાય નાથ રે !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજ્ઞા-આરાધના વિના,
કેમ ગુણસિદ્ધિ થાય નાથ રે ? (૬)

ભાવાર્થ:-હે નાથ, આંતરિક પરભાવની રમણુતા કેમ નાશ પામશે ? તેના ઉત્તરમાં કર્તા પોતે જ જણાવે છે કે-સદ્‌ગુરુની આજ્ઞા અને તેમણે બતાવેલા સન્માર્ગની આરાધના વિના ગુણની સિદ્ધિ થતી જ નથી.

હવે જિનચંદ્રપ્રસંગથી,
જાણી સાધકરીતિ નાથ રે;
શુદ્ધ સાધ્યરૂચિપણે,
કરીએ સાધન રીતિ નાથ રે. (૭)

ભાવાર્થ:-હે નાથ, હવે સદ્‌ગુરુના સત્સમાગમથી સાધ્યની પ્રાપ્તિ માટે, મેં સાધના જાણી છે કે જે શુદ્ધ સ્વરૂપને સાધ્યમાં [લક્ષમાં] રાખીને સન્માર્ગની આરાધના કરવાથી સિદ્ધ થાય છે.

ભાવન-રમણુ પ્રભુગુણે,
જોગ ગુણી આધીન નાથ રે;
રાગ તે જિનગુણુ રંગમેં,
પ્રભુ દીઠા રતિ પીન નાથ રે. (૮)

ભાવાર્થ:-પ્રભુના અંતર ગુણોમાં જેને રમણુતા છે તેવા મુમુક્ષુના યોગ ગુણોને આધીન હોય છે. જેને જિનના ગુણોના રંગમાં રાગ એટલે તન્મયતા છે તેણે પ્રભુને ગાઢ પ્રીતિથી અંતરથી જોયા છે.

હેતુ પલટાવી સવી જોડ્યા,
ગુણી-ગુણ-ભકિત નાથ રે;
તેહ પ્રશસ્ત ભાવે રમ્યા,
સાધે આતમશકિત નાથ રે. (૯)

ભાવાર્થ:-હે નાથ, તારી કૃપાદષ્ટિથી, પૂર્વ સંસ્કારની જાગૃતિ થવાથી, અતર્દષ્ટિ થતાં જે હેતુઓ બહિર્દષ્ટિમાં સંસારભ્રમણુ કરાવનાર હતા તે અંતર દૃષ્ટિથી આશ્રવ તે પરિશ્રવરૂપ થાય તેમ ગુણી પ્રત્યે ભક્તિભાવને લઈને સર્વ ગુણોને જોડી દીધાં છે, જેથી પ્રશસ્તભાવે રમણુ કરતાં અંતરગુણોના પ્રગટપણાથી આત્મા સન્માર્ગને સાધીને, ઉપાસીને કૃતાર્થ બને છે.

ધન્ય, તનુ મન વચન સર્વે,
જોડ્યા સ્વામી પાય નાથ રે;
બાધક કારણુ વારતાં,
સાધક કારણુ થાય નાથ રે. (૧૦)

ભાવાર્થ:-હે નાથ, જે મન, વચન, કાયાના ત્રણે યોગ સંસારભાવે જોડાયા હતા તેને સદ્‌ગુરુના સદ્‌બોધથી વારીને આત્મભાવમાં લીન કરતાં તે ધન્ય છે કારણકે બાધક કારણો રોકવાથી તેજ યોગો સાધકસહાયક થાય છે.

આતમ તાપ ટળાવતાં,
પ્રગટે સંવર રૂપ નાથ રે;
સ્વસ્વરૂપ રસીયા કરે,
પૂર્ણાનંદ અનુપ નાથ રે. (૧૧)

ભાવાર્થ:-હે નાથ, આત્માના કષાયજન્મ તાપને ઉપશમ વૈરાગ્ય આદિ ગુણોથી ટાળતાં-નાશ કરતાં કર્મના અનાગમન(અટકાવ)રૂપ સંવર પ્રગટે છે જેથી સ્વસ્વરૂપ, સમ્યગ્‌જ્ઞાન, દર્શનની પ્રાપ્તિ થતાં, આત્મા પરમાનંદી બનતાં પૂર્ણ અનુપ થાય છે.

વિષય, કષાય ઝેર ટળી,
અમૃત થાયે એમ નાથ રે;
જે પ્રસિદ્ધરૂચી હુવે,
તો પ્રભુસેવા ધરી પ્રેમ નાથ રે. (૧૨)

ભાવાર્થ:-હે નાથ, આપની કૃપાથી વિષય કષાયરૂપ જે ઝેર હતું તે ઉપશમરૂપ થવાથી અમૃતરૂપ બન્યું છે, જો અંતર જિજ્ઞાસા સાચી અને સબળ હોય તો પ્રભુસેવા તરફ અનન્ય ભકિત, વિશુદ્ધ પ્રેમ અને અટલ શ્રદ્ધા હોય તો જ અમૃતરૂપ થાય છે.

કારણુ રંગી કાર્યને,
સાધે અવસર પામ નાથ રે;
દેવચંદ્ર જિનરાજની,
સેવા શિવસુખધામ નાથ રે. (૧૩)

ભાવાર્થ:-હે નાથ, મિથ્યાત્વજન્ય દૃષ્ટિથી સ્વચ્છંદવા અસદ્‌ગુરુની નિશ્રાથી, મનોકલ્પિત કારણાભાસને છોડીને સત્સાધનની ઉપાસના કરનાર કારણુનો જે રંગી-પ્રેમી તે અવસ્ય કાર્યને અવસર પામીને સાધી લે છે; માટે શ્રી દેવચંદ્રજી મહારાજ કહે છે કે-શ્રી વીતરાગ દેવની નિષ્કામભક્તિથી કરેલી સેવા એ પરમપદનું ધામ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થંકર પરમાત્માના ૩૪ અતિશયોની વિશિષ્ટતા

પન્યાસજી મહારાજ શ્રી સુશીલવિજયજી ગણી

'**સવિ જીવ કરું શાસનરસી**' એ મહા-અહિંસક અને વિશ્વવત્સલ એવી ઉદાર ભાવનાના પ્રતાપે તીર્થંકર ગોત્ર બાંધી ત્રીજે ભવે વીશ સ્થાનક તપાદિ દ્વારા નિકાચિત કરી તીર્થંકર થનાર પરમાત્મામાં, જન્મથી, કર્મના ક્ષયથી અને દેવોએ કરેલા અતિશયો વર્તે છે, તેવાં સર્વસ્વ અતિશયો તીર્થંકર સિવાય વિશ્વની કોઇ પણ વ્યક્તિમાં વર્તતા નથી.

પછી ભલેને એ વ્યક્તિ જગતમાં દેવ કે દેવેન્દ્ર તરીકે કહેવાતી હોય, રાજા મહારાજા, દેશનેતા કે ચક્રવર્તી તરીકે કહેવાતી હોય, ધર્મના મહાન્ પયગંમ્બર ફીરસ્તા કે ધર્મગુરુ તરીકે કહેવાતી હોય, અજબ જાદુગર ઇન્દ્રજાળીયાં કે માયાવી આદિ તરીકે કોઇ પણ કહેવાતી હોય.

એ સર્વસ્વ માન અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં થયેલા તીર્થંકરોની જેમ, આજથી ૨૪૮૩ વર્ષ પૂર્વે થયેલ ચોવીશમા ચરમ તીર્થંકર શ્રમણ ભગવાન્ મહાવીર પરમાત્મા જ કેવલ ખાટી જાય છે. એ એમના અદ્વિતીય અને વિશુદ્ધ સાદ્યન્ત જીવનના ઇતિહાસ પરથી જોઈ શકાય છે. આજે પણ ભારત અને ભારતની બહારની જનતા, તેમના નિર્મળ ને નિરુપમ જીવનની મુક્તકંઠે પ્રશંસા કરી રહેલ છે. અને એમને દુનિયાની એક અજોડ દેવ-મૂર્તિ, દયાવારિધિ, મહાન્ તપસ્વી અને સર્વજ્ઞ વિભૂતિ વગેરે તરીકે સમ્બોધી રહી છે.

હવે એ પ્રભુના અનુપમ ચોત્રીશ અતિશયોની વિશિષ્ટતાનું જ માત્ર અત્ર દિગ્દર્શન કરાવાય છે.

### જન્મથી ચાર અતિશય–

[૧] એ તીર્થંકર પરમાત્માનો દેહ જન્મથી જ વિશ્વના સર્વ લોકો કરતાં લોકોત્તર અને અત્યંત અદ્ભૂત સ્વરૂપવાન હોય છે. જેમને કોઇ પણ પ્રકારનો વ્યાધિ હોતો નથી અર્થાત્ સર્વથા વ્યાધિ રહિત હોય છે.

જેમને કોઇ પણ દિવસ પરસેવો થતો નથી અર્થાત્ સર્વથા પરસેવાથી રહિત હોય છે.

જેમનો દેહ કોઈ પણ પ્રકારની મલિનતાવાળો–મેલવાળો હોતો નથી અર્થાત્ સર્વથા મેલરહિત હોય છે.

[૨] એ તીર્થંકર પરમાત્માનો શ્વાસોશ્વાસ કમલની સુગંધ જેવો સુગન્ધી હોય છે.

[૩] એ તીર્થંકર પરમાત્માના દેહનું માંસ અને રુધિર (લોહી) ગાયના દૂધ જેવું શ્વેત–ઉજ્વલ હોય છે.

[૪] એ તીર્થંકર પરમાત્માનો આહાર અને નિહાર ચર્મચક્ષુવાળા જીવોને (મનુષ્યો વગેરેને) અદૃશ્ય હોય છે.

કેવલ, અવધિ વગેરે જ્ઞાનવાળી વિશિષ્ટ વ્યક્તિઓ જોઇ શકે છે, અન્ય નહિં.

આ ચારે અતિશયો પ્રત્યેક તીર્થંકર પરમાત્માને જન્મથી જ હોય છે.

કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે પણ સ્વરચિત અભિધાનચિન્તામણિમાં એ ચારે અતિશયોનો ઉલ્લેખ કરેલો છે. જુઓ—

'तेषां च देहोऽद्भुतरूपगन्धो,
निरामयः स्वेदमलोज्झितश्च ।
श्वासोऽब्जगन्धो रुधिरामिषं तु,
गोक्षीरधाराधवलं ह्यविस्रम् ॥ ९७ ॥
आहारनीहारविधिस्त्वदृश्य–
श्चत्वार एतेऽतिशयाः सहोत्थाः ।
[ अभिधानचिन्तामणौ १ देवाधिदेवकाण्डे]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજ પણ શ્રી આદિનાથ જિનેન્દ્રના સ્તવનમાં કહે છે કે—

પ્રથમ જિનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધી રે કાય;
કલ્પવૃક્ષ પરે તાસ ઇન્દ્રાણી, નયન જે
ભૃંગ પરે લપટાય. (૧)

રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જેહ આસ્વાદ;
તેહથી પ્રતિહત તેહ માનું કોઇ નવિ કરે,
જગમાં તુમશું રે વાદ. (૨)

વગર ધોઇ તુજ નિર્મલી, કાયા કંચનવાન;
નહિ પ્રસ્વેદ લગાર તારે તું તેહને,
જે ધરે તાહરું ધ્યાન. (૩)

રાગ ગયો તુજ મનથકી, તેહમાં ચિત્ર ન કોય;
રુધિર આમિષથી રાગ ગયો તુજ જન્મથી,
દૂધ સહોદર હોય. (૪)

શ્વાસોચ્છ્વાસ કમળ સમો, તુજ લોકોત્તર વાદ;
દેખે ન આહાર નીહાર ચરમ ચક્ષુધણી,
એહવા તુજ અવદાત. (૫)

## કર્મના ક્ષયથી અગિયાર અતિશય—

આઠ કર્મ પૈકી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતી કર્મના ક્ષયથી લોકાલોકપ્રકાશક કેવલજ્ઞાનાદિ પ્રગટ થતાંની સાથે જ તીર્થંકર પરમાત્માને ૧૧ અતિશયો પણ ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે—

[૧] એ તીર્થંકર પરમાત્માને દેશના આપવા માટે દેવોએ એક યોજન વિસ્તારવાળી ભૂમિમાં રચેલા દિવ્ય સમવસરણમાં કરોડો દેવો, મનુષ્યો અને તિર્યંચોનો સમાવેશ થાય છે, અને પરસ્પર સંકોચની બાધા વિના સૌ સુખપૂર્વક બેસે છે; એ જ એ તીર્થંકર પરમાત્માનો ઘાતિકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલો પ્રથમ અતિશય છે.

[૨] એ તીર્થંકર પરમાત્માએ ત્રણ ભુવનની અગણ્ય જનતા સમક્ષ, પાંત્રીશ ગુણ યુક્ત અર્ધમાગધી ભાષામાં આપેલી દેશના, એક યોજનના (ચાર ગાઉના) સમવસરણમાં રહેલા સર્વ પ્રાણીઓને લાઉડસ્પીકર વિના એક જ સરખીરીતે [1]સૌને પોતપોતાની ભાષામાં (દેવોને દૈવી ભાષામાં, મનુષ્યોને માનુષી ભાષામાં, ભિલ્લ લોકોને પોતાની ભાષામાં અને તિર્યંચોને પણ પોતપોતાની પશુ-પક્ષીની ભાષામાં) સંભળાય અને સમજાય તથા ધર્મનો અવબોધ કરનારી થાય; એ જ તીર્થંકર પરમાત્માનો ઘાતીકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલો બીજો અતિશય છે.

[૩] એ તીર્થંકર પરમાત્માના મસ્તકની(માથાની) પાછળ બાર સૂર્યબિંબની તેજસ્વી કાન્તિથી પણ અધિક તેજસ્વી અને મનુષ્યોને પણ મનોહર લાગે તેવું ભામંડળ હોય છે. એટલે કાન્તિના સમૂહનો ઉદ્યોત પ્રસરેલો હોય છે. એ જ એ તીર્થંકર પરમાત્માનો કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલો ત્રીજો અતિશય છે.

[આ અતિશયને લઇને જ સુખપૂર્વક એ તીર્થંકર પરમાત્માની સન્મુખ જોઇ શકાય છે; નહિતર પ્રેક્ષકોને સામું જોવું પણ અત્યંત દુર્લભ થઇ પડે કારણ કે અતિશય તેજસ્વીપણું હોય છે.]

[૪] એ તીર્થંકર પરમાત્મા મહીતલ ઉપર જ્યાં જ્યાં વિચરે-વિહાર કરે ત્યાં ત્યાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એ ચાર દિશામાં પચીશ પચીશ યોજન (સો સો ગાઉ), તથા ઊર્ધ્વ (ઊંચે) ને અધો (નીચે) એ બન્ને દિશામાં સાડા બાર-સાડા બાર યોજન (પચાસ પચાસ ગાઉ) સુધીમાં એટલે કુલ સવાસો યોજન (પાંચસો ગાઉ) સુધીમાં, પ્રથમ ઉત્પન્ન થયેલા જ્વરાદિક રોગો નાશ પામે છે અને નવા રોગો ઉત્પન્ન થતા નથી. એ જ એ તીર્થંકર પરમાત્માનો કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલો ચોથો અતિશય છે.

१—देवा दैवीं नरा नारीं, शबराश्चापि शाबरीम् ।
तिर्यञ्चोऽपि हि तैरश्चीं, मेनिरे भगवद्गिरम् ॥१॥
[उपदेशप्रासाद स्तंभ-१, व्याख्यान-१]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[૫] એ તીર્થંકર પરમાત્મા જ્યાં હોય ત્યાંથી પૂર્વની જેમ સવાસો યોજન (પાંચસો ગાઉ) સુધીમાં, પ્રાણીઓને પૂર્વભવમાં બાંધેલાં અને જાતિથી ઉત્પન્ન થયેલાં સ્વાભાવિક વૈરભાવ એકબીજાને પરસ્પર પીડા કરી શકતાં નથી અર્થાત્ વૈરભાવની પણ પરસ્પર પરમ શાન્તિ રહે છે. એજ એ તીર્થંકર પરમાત્માનો પાંચમો અતિશય કહેવાય છે.

[૬] એ તીર્થંકર પરમાત્મા જ્યાં હોય ત્યાંથી પૂર્વની માફક સવાસો યોજન (પાંચસો ગાઉ)સુધીમાં ઇતિ ધાન્ય વગેરેને નાશ કરનારા તીડો, સૂડા અને ઉંદર આદિ જીવજંતુઓ ઉત્પન્ન થતા નથી. એ જ એ તીર્થંકર પરમાત્માનો છઠ્ઠો અતિશય કહેવાય છે.

[૭] એ તીર્થંકર પરમાત્મા જ્યાં હોય ત્યાંથી પૂર્વની જેમ સવાસો યોજન (પાંચસો ગાઉ) સુધીમાં, મારી (મરકી), દુષ્ટ દેવો વગેરેએ કરેલ ઉત્પાત (ઉપદ્રવ) અને અકાલ મૃત્યુ એમાંથી એક પણ થતાં નથી. એ જ એ તીર્થંકર પરમાત્માનો સાતમો અતિશય કહેવાય છે.

[૮] એ તીર્થંકર પરમાત્મા જ્યાં હોય ત્યાંથી પૂર્વની માફક સવાસો યોજન (પાંચસો ગાઉ) સુધીમાં, અતિવૃષ્ટિ થતી નથી. અર્થાત્ ઉપરાઉપર નિરન્તર વરસાદ થતો નથી. એ જ એ તીર્થંકર પરમાત્માનો અતિશય કહેવાય છે.

[૯] એ તીર્થંકર પરમાત્મા જ્યાં હોય ત્યાંથી પૂર્વની જેમ સવાસો યોજન (પાંચસો ગાઉ) સુધીમાં, અનાવૃષ્ટિ થતી નથી અર્થાત્ સર્વથા જળનો અભાવ થતો નથી. એ જ એ તીર્થંકર પરમાત્માનો નવમો અતિશય કહેવાય છે.

[૧૦] એ તીર્થંકર પરમાત્મા જ્યાં હોય ત્યાંથી પૂર્વની માફક સવાસો યોજન (પાંચસો ગાઉ) સુધીમાં દુર્ભિક્ષ–દુકાળ પડતો નથી. એ જ એ તીર્થંકર પરમાત્માનો દશમો અતિશય કહેવાય છે.

[૧૧] એ તીર્થંકર પરમાત્મા જ્યાં હોય ત્યાંથી પૂર્વની જેમ સવાસો યોજન (પાંચસો ગાઉ) સુધીમાં, સ્વરાષ્ટ્રનો (પોતાના રાજ્યના લશ્કરનો) ભય અને પરરાષ્ટ્રનો (બીજા રાજ્ય સાથે સંગ્રામ વગેરે થવાનો) ભય ઉત્પન્ન થતો નથી એ જ એ તીર્થંકર પરમાત્માનો અગિયારમો અતિશય કહેવાય છે.

એ અગિયારે અતિશયો પ્રત્યેક તીર્થંકર પરમાત્માને ઘાતીકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલા હોય છે.

જુઓ.–કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ ભગવંતે અભિધાનચિન્તામણિમાં કરેલો ઉલ્લેખ -

**अथ कर्मक्षयजानतिशयानाह–**

क्षेत्रे स्थतिर्योजनमात्रकेऽपि,
नृदेवतिर्यग्जनकोटिकोटेः ॥९८॥

वाणी नृतिर्यक्सुरलोकभाषा–
संवादिनी योजनगामिनी च ।

भामण्डलं चारु च मौलिपृष्ठे,
विडम्बिताहर्पतिमण्डलश्रि ॥९९॥

साग्रे च गव्यूतिशतद्वये रुजा
वैरेतयो मार्यातिवृष्टयवृष्टयः ।

दुर्भिक्षमन्यस्वकचक्रतो भयं
स्यान्नैत एकादश कर्मघातजाः ॥६०॥

अभिधानचिन्तामणौ, १ देवाधिदेवकाण्डे

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિદ્યાર્થીગૃહનું ખાતમુહૂર્ત

એક વિદ્યાધામ તરીકે ભાવનગર દિવસાનુદિવસ પ્રગતિ સાધતું આવે છે, તેમ બીજી બાજુ તે પ્રમાણમાં બહારગામના વિદ્યાર્થીઓ અત્રે ઠીક પ્રમાણમાં આવતા રહે છે.

ભાવનગર દાદાસાહેબ જૈન વિદ્યાર્થીગૃહની આજથી પચાસ વરસ પહેલાં સ્થાપના કરવામાં આવી ત્યારે તેમાં ૩૦-૪૦ વિદ્યાર્થીઓ હતા. આજે એ જ ગૃહમાં એકસો વિદ્યાર્થીઓને દાખલ કરવા પડે છે અને તેની સગવડ માટે બીજું મકાન ભાડે લેવાનું રહે છે.

આ સંયોગો વચ્ચે એક નવું વિદ્યાર્થીગૃહ બાંધવાની અનિવાર્ય અગત્ય ઊભી હતી તેવામાં સ્વ. વોરા હઠીચંદ ઝવેરચંદની પુણ્યસ્મૃતિ અંગે તેઓશ્રીના ધર્મપત્ની હેમકુંવરબેને રૂા. પચીશ હજારની રકમ નવું વિદ્યાર્થીગૃહ બાંધવા માટે બોર્ડીંગને ભેટ આપી અને બોર્ડીંગ માટે નવું વિદ્યાર્થીગૃહ બાંધવાનો નિર્ણય કર્યો.

આ રીતે તૈયાર કરવામાં આવનાર નવા વિદ્યાર્થીગૃહના ખાતમુહૂર્તની શુભ વિધિ તા. ૧૧-૧૨-૫૭ બુધવારના પ્રાતઃકાળે વોરા ખાન્તિલાલ અમરચંદ અને તેમના ધર્મપત્ની શ્રી નિર્મળાબેનના હસ્તે કરવામાં આવી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક બોર્ડીંગના પટાંગણને ધ્વજ-પતાકા અને કળાત્મક રંગોળીથી શણગારેલ. આગેવાન ગૃહસ્થો-બહેનોની હાજરી પણ સારા પ્રમાણમાં હતી.

શુભ મુહૂર્તે ખાતની વિધિ કરવામાં આવ્યા બાદ સંસ્થાના માનદ મંત્રી શ્રી ખીમચંદ ચાંપશી શાહે બોર્ડીંગનો ઇતિહાસ રજૂ કર્યો હતો અને નવું ગૃહ તૈયાર કરવામાં શ્રી હેમકુંવરબહેને દાખવેલ ઉદારતા બદલ આભાર માન્યો હતો. અને વધુમાં જણાવેલ કે નવું વિદ્યાર્થીગૃહ લગભગ એંશી હજારના ખરચે તૈયાર કરવામાં આવનાર છે અને તેમાં આજે તો પચીશ હજારની રકમ અમારી પાસે છે, પણ અમોને સમાજનો વિશ્વાસ છે કે અમારી આ જરૂરિયાતનો દાતાઓ સુંદર જવાબ આપશે.

ત્યારબાદ માનદમંત્રી શ્રી દીપચંદભાઈએ પ્રસંગને અનુલક્ષીને આવેલ સંદેશાઓ રજૂ કર્યા હતા, તેમાં શ્રી નાનાલાલ હરિચંદ ટ્રસ્ટના એક ટ્રસ્ટી શ્રી ફુલચંદભાઇએ નવા વિદ્યાર્થીગૃહના સમર્થનમાં બોર્ડીંગને યોગ્ય રકમ આપવાની ભાવના વ્યક્ત કરી હતી.

ત્યારબાદ વોરા ખાન્તિલાલભાઇને શેઠ ભોગીલાલભાઈના હસ્તે ચાંદીનો લોટો અને તગારું આપવામાં આવેલ. અને શ્રી હેમકુંવરબેન, શ્રી ખાન્તિલાલભાઇ, શ્રી ભોગીલાલભાઇ વગેરેનું હારતોરાથી સન્માન કરવામાં આવેલ. ત્યારબાદ શ્રી ન્યાલચંદ લક્ષ્મીચંદ વકીલે બોર્ડીંગનો કેટલોક ઇતિહાસ રજૂ કરી, તેના વિકાસમાં સૌને સાથ આપવા વિનતિ કરી હતી. છેવટ દુગ્ધાનુપાનને ન્યાય આપી સર્વે વિખરાયા હતા.

આ પ્રસંગે બોર્ડીંગના વિદ્યાર્થીઓને પ્રીતિભોજન આપવામાં આવેલ.

## પૂજા ભણાવવામાં આવી

તપાગચ્છાધિપતિ સ્વ. પૂ. શ્રી મૂળચંદજી ગણિવર્યની સ્વર્ગવાસ તિથિ અંગે આપણી સભા તરફથી, માગશર વદ ૬ ને ગુરુવારના રોજ અત્રેના શ્રી દાદાસાહેબ જિનમંદિરમાં ૧૦ કલાકે પૂજા ભણાવી, આંગી રચના કરાવવામાં આવેલ. આ પ્રસંગનો સભાસદ બંધુઓ ઉપરાંત અન્ય સદ્‌ગૃહસ્થોએ સારા પ્રમાણમાં લાભ લીધો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# માન ગળે તો....જ્ઞાન મળે—

卐

બાહુબલિ સમરાંગણમાં સંયમી તો થયા પણ તેમના હૈયામાં રહેલી માનની ગોળી નહોતી ગળી. તેમના મનમાં એમ કે કેવળજ્ઞાન-પ્રાપ્તિ થયા પછી ભગવાન ઋષભદેવ પાસે જઈશું તો સંયમમાં મોટા પણ ઉંમરમાં નાના મારા ભાઈઓને નમવું નહિ પડે.

એટલે કેવળજ્ઞાન મેળવવા એમણે તપ આદર્યો. કેવો આકરો તપ! તેમની કાયા પર વેલડિયો વીંટાઇ, એમના કાનમાં ચકલાંએ માળા નાખ્યા તોય તેમને જોઇતી વસ્તુ પ્રાપ્ત ન થઈ. એમની કાયાએ તાપના, ટાઢના અને વર્ષાદનાં દુઃખ વેઠયાં પણ કેવળજ્ઞાન પ્રાપ્ત ન થયું; કારણ કે **અભિમાનની ગોળી ગળી નહોતી.**

ભગવાન ઋષભદેવે કરુણા આણી, બાહુબલિની બે સાધ્વી બહેનોને બોધ આપવા મોકલી. બહેનોએ કહ્યું: "બાંધવા! હાથી ઉપરથી નીચે ઉતરો, માનના શિખર પર બેઠેલાનાં હૈયામાં જ્ઞાનની જ્યોત પ્રગટતી નથી. જ્યાં ગર્વના વાયરા વાય છે ત્યાં જ્ઞાન-દીપ બૂઝાઈ જાય છે, માટે વીરા! નીચે ઉતરો. જ્ઞાનના સૂર્યની આડે અભિમાનનો પડદો આવે છે ત્યારે માણસ **છતી આંખે આંધળો થાય છે.**"

શાણા બાહુબળી ચમક્યા, ચેત્યા, એમનો આત્મા નાના બાંધવોને વંદન કરવા તૈયાર થયો. અંતરમાં લઘુતા આવી. માત્ર એકજ ડગ ભર્યું ત્યાં કેવળજ્ઞાનના પ્રકાશથી તેમનો આત્મા પ્રકાશી ઉઠયો.

**ખરેખર માન, ગળે તો જ જ્ઞાન મળે**

**મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી**

મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર

For Private And Personal Use Only